વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૯

Celebrating 50 ઘનશ્યામ Years of Spirituality




# લંડનની ધન્ય ધરા પર નૂતન મંદિર ક્વીન્સબરી મધ્યે બિરાજમાન ઘનશ્યામ મહારાજ

# હવે ન્યુરોલોજિકલ જટિલ સર્જરીઓ બની છે સરળ



કારણ કે
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલમા
મળી રહી છે ન્યુરો માઇક્રોસ્કોપ દ્વારા
**શ્રેષ્ઠ સારવાર...**



## શુ છે ન્યુરો માઇક્રોસ્કોપ?

ન્યુરો માઇક્રોસ્કોપ એ ન્યુરો સર્જરી માટે ઉપયોગમા લેવાતુ અધતન માઇક્રોસ્કોપ છે, જેના કારણે મગજ અને ચેતાતત્રની નાનામા નાની નસનુ અવલોકન કરી શકાય છે. જેથી સર્જરી દરમિયાન ચોક્સાઇ વધે છે.

## ન્યુરો સર્જરી દરમિયાન ન્યુરો માઇક્રોસ્કોપના ફાયદા

- ભૂલરહિત અને ચોક્સાઇપૂર્ણ સર્જરી
- નાનો ચીરો, ઓછો રક્તસ્રાવ, ઝડપી રિકવરી
- બ્રેઇન ટ્યુમર, સ્પાઇન સર્જરી, મગજની નસોના બ્લોકેજ વગેરે જેવા જટિલ રોગોની સારવાર માટે ઉપયોગી



### ડૉ કેતન પટેલ
ન્યુરો સર્જન

**સવારે 10 વાગ્યે**
**(દર સોમવાર અને ગુરુવાર)**



### ડૉ હિતેશ મહિડા
ન્યુરો સર્જન

**(અપોઇન્ટમેન્ટ મુજબ ઉપલબ્ધ)**

## ન્યુરો સર્જરી વિભાગમા ઉપલબ્ધ સારવાર

- બ્રેઇન સ્ટ્રોક
- લકવો
- બ્રેઇન ટ્યુમર
- હેમરેજ
- DSS સ્કેનની સુવિધા
- દૂરબીન દ્વારા પિચ્યુટરી ગ્રથિની ગાઠની સારવાર
- એક્સિડન્ટથી થતી માથાની ઇજા
- ટ્રાઇજેમિનલ ન્યુરલજીયા સર્જરી
- મગજ અને કરોડરજ્જુની ગાઠ (સાદી તથા વિષમ)
- મિનિમલ ઇન્વેસિવ સ્પાઇન સર્જરી
- અધતન કેથ લેબ દ્વારા Mechanical Thrombectomyની ઈમર્જન્સી સારવાર




SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**
info@smvshospital.com

Follow us :





# ઘનશ્યામ

**૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૯**

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | સાધુ ભક્તવત્સલદાસ |
| મુદ્રક | : | સાધુ પૂર્ણસ્વરૂપદાસ |
| માલિક | : | સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS) |
| મુદ્રણ | : | વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ |
| તંત્રી | : | નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી |
| સહતંત્રી | : | સાધુ રાજીપાસ્વરૂપદાસ |
| સંપાદક | : | સાધુ નિર્ગુણજીવનદાસ |
| લેખનકાર્ય | : | લેખકવૃંદ |



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

## અનુક્રમણિકા...


**૦૪** **દિવ્યવાણી**

**૦૭** **સંયમી વાણી**

**૧૬** **લંડન ખાતે ગુરુદેવ પ.પૂ. બાપજી સંકલ્પિત નૂતન મંદિરમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ**



# GHANSHYAM

10 September, 2025 • Year : 50 • Edition : 09


**આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક**
**અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)**
**પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી**
**(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)**

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# દિવ્યવાણી

તા. ૫-૮-૨૦૨૫ની
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી
સંકલિત



સત્સંગમાં આવ્યા પછી મુમુક્ષુમાત્રએ બે વિચાર નિરંતર કર્યા કરવા જોઈએ : મહિમાનો વિચાર અને રાજીપાનો વિચાર. આ વિચારો એક સિક્કાની બે બાજુ સમાન છે. મહિમાનો વિચાર વર્તે તો જ મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તોને રાજી કર્યાનો વિચાર વર્તે. મહિમાનો વિચાર એટલે એ કોણ છે ? અને રાજીપાનો વિચાર એટલે એ રાજી થશે તો મને શું મળશે ?

સ્વામિનારાયણ ભગવાન કેવા છે ? તો સર્વોપરી છે, સર્વાવતારી છે, અજોડ અને અદ્વિતીય મૂર્તિ છે. આ થયો મહારાજના સ્વરૂપનો મહિમા. આવો મહિમાનો વિચાર નિરંતર વર્તે તો જ તેમને રાજી કર્યાનો સંકલ્પ વર્તે.

આ લેખમાં ભગવાન સ્વામિનારાયણના ઉપરોક્ત મહિમા ઉપરાંત મહાત્મ્યનું એક વિશેષ પાસું જોઈશું. જે છે ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું. ભગવાન સ્વામિનારાયણ કેવા છે ? તો, અન્વય શક્તિ દ્વારા અનંતાનંત ઐશ્વર્યાર્થી અવતારોના કર્તા છે અને વ્યતિરેકના સંબંધવાળા ચાલોચાલ, એકાંતિક, પરમએકાંતિક અને અનંત અનાદિમુક્તોના ડાઈરેક્ટ કર્તા છે.

પરંતુ સમય આવ્યે આ અનુસંધાન રહેતું નથી કે અનંતકોટિ બ્રહ્માંડોમાં જે કાંઈ સ્થિતિ-પરિસ્થિતિ-સંજોગનું નિર્માણ થયું છે તે કેવળ શ્રીજીમહારાજનું જ કર્તાપણું છે. તેમની મરજીથી જ થયું છે. ઓરડાના ત્રીજા પદમાં શ્રીજીમહારાજે સ્વમુખે પોતાના કર્તાપણાની વાત જણાવી છે,

"જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન." ૪

વળી, કારિયાણીના ૧૦મા વચનામૃતમાં તો શ્રીજીમહારાજે કેવી સુંદર વાત કરી છે ! **"અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી, એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે."**

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા તો મહારાજને મનાય છે પરંતુ રોજિંદા જીવનમાં જ્યારે આપણું ધાર્યું ન થાય, આપણું ગમતું ન થાય, ઈચ્છા મુજબ ન થાય ત્યાં મહારાજનું કર્તાપણું મનાતું નથી. કદાચ મનાય તો ત્યાં સંશય થઈ જતો હોય છે કે ભગવાને આવું કેમ કર્યું ? આટલી ભજન-ભક્તિ, સેવા કરી તોય આવું કેમ કર્યું ?

પરંતુ ભગવાનના ભક્ત તરીકે એક સમજણ નિરંતર દૃઢ રાખવી કે, 'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં.' શ્રીજીમહારાજ મારા બાપ છે, હું એમનો દીકરો છું. તેઓ ક્યારેય મારું અહિત કરે જ નહીં. ઘણી વાર જીવનમાં આર્થિક, શારીરિક કે માનસિક દુઃખ આવી પડે ત્યારે 'ભગવાન આવું કેમ કરતા હશે ?' આ વિચારે કરી સત્સંગમાંથી પાછા પડી જવાતું હોય છે. પરંતુ ગમે તેવા વિકટ સંજોગોમાંય મુમુક્ષુએ કેવી વિચારધારા અપનાવવી જોઈએ તે શીખવતાં શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૬૧મા વચનામૃતમાં કહ્યું છે કે, **"જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ જે, ભગવાન જેમ જેમ મુને વધુ દુ:ખ દેશે તેમ તેમ વધુ મારે વશ થાશે અને પળમાત્ર મુજથી છેટે નહિ રહે, એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થાવું પણ કોઈ રીતે દુ:ખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહીં."**

કદાચ દુઃખ આવે તોપણ તેમાંથી ઉગારનાર તો એકમાત્ર

**શ્રીજીમહારાજના કર્તાપણાનો વિચાર એ સુખી થવાનો શ્રેષ્ઠ ઉપાય છે.**

શ્રીજીમહારાજ જ છે. માટે એ દુ:ખમાંથી ઊગરવા મહારાજ સિવાય અન્ય કોઈનો આશ્રય ન લેવો. સ્વયં મહારાજે કહ્યું છે કે, અમારો દૃઢ આશરો જેને હોય તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તોપણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો અમારા વિના બીજાને ન જાણે એ જ ખરો શરણાગત ભક્ત કહેવાય. તેને જ અમારો અનન્ય આશ્રિત કહેવાય.

અવરભાવમાં સંસાર-વ્યવહારમાં ક્યારેક સુખ તો ક્યારેક દુ:ખના દિવસો આવે પરંતુ આપણા માથે કાળ-કર્મ-માયાનો હુકમ નથી. કારણ કે આપણું પ્રારબ્ધ શ્રીજીમહારાજ છે. તેથી આપણને મહારાજની ઇચ્છાથી સુખ-દુ:ખ આવે છે. માટે સુખની અપેક્ષા પણ મહારાજ સિવાય અન્ય કોઈ પાસે ન રાખવી. મહારાજ આપણને હાથીએ બેસાડે કે ગધેડે બેસાડે બેય પરિસ્થિતિમાં રાજી જ રહેવું. કારણ કે મહારાજ જે કરતા હોય તે આપણા સારા માટે જ કરતા હોય. જરૂર છે માત્ર દૃષ્ટિ કેળવવાની. જે તે સંજોગને હકારાત્મક દૃષ્ટિકોણથી મૂલવવાની. આવેલાં દુ:ખ પાછળ સુખ જ છુપાયેલું હોય છે.

કેનેડાના સત્સંગી હરિભક્ત જિગીષભાઈના જીવનમાં ઉપરાછાપરી ત્રણ દુ:ખદ ઘટનાઓ બની ગઈ. આ ત્રણેય ઘટનાઓને તેઓએ ખૂબ જ સકારાત્મક દૃષ્ટિથી મૂલવી. પરિણામે દુ:ખદ ઘટનાઓમાં પણ તેઓને શું શું ફાયદા થયા ? તેવું તેઓ પકડી શક્યા છે.

૧. ૨૦ વર્ષની નોકરી એક ઝાટકે જતી રહી. લે-ઑફ મળી ગઈ.
૨. ઘરમાં ચોરી થઈ.
૩. અગાઉથી ઈન્વેસ્ટમૅન્ટ માટે નવાં બે ઘર લીધેલાં તેનું ક્લોઝિંગ આવ્યું.

એ જ અરસામાં જે ઘરમાં ભાડવાત રહેતા તેમણે ઘર ખાલી કર્યું એટલે મોર્ગેજ ભરવાની માથે પડી.

એક જ મહિનામાં બનેલી આ ત્રણ દુ:ખદ ઘટનાને તેઓ ફાયદાકારક ગણાવી અદ્ભુત સકારાત્મક દૃષ્ટિ કેળવવાની રીત શીખવી જાય છે.

તેમણે જણાવેલું કે ઘરમાં ચોરી થઈ તેનાથી પોતાને તો ફાયદો થયો જ હતો પરંતુ પોતા કરતાં અધિક ફાયદો ચોરોને થયો. શું ? તો ચેરીહિલ પ્રતિષ્ઠામાં જે સ્મૃતિ ભેટની મહારાજ, બાપા, ગુરુદેવ, ગુરુજીની મૂર્તિ મળેલી તે ઘરમાં દીવાલ પર લગાવેલી. જેમાં નીચે આશીર્વાદ લખેલા કે, “હે દયાળુ, આપ અહીં બિરાજ્યા છો તો જે કોઈ ઉપર આપની દિવ્ય દૃષ્ટિ પડે તેનું પૂરું કરજો.” મહારાજ પ્રગટ ઘરમાં બિરાજે છે તેથી આ ચોરો મહારાજ અને મોટાપુરુષની દૃષ્ટિમાં આવી ગયા અને તેમનું પૂરું થઈ ગયું.

ઘરમાં ચોરી થઈ તેના મહિના અગાઉ જરૂરી કીમતી સામાન લૉકરમાં મૂકી દીધેલ. માત્ર પાસપોર્ટ, ચાર-પાંચ લૅપટૉપ, આઈપેડ, એક મોબાઇલ ફોન, કાંડા ઘડિયાળ, ચાર સોનાની બંગડીઓ ને ચાંદીનો સિક્કો. આમ, થોડુંઘણું ઘરમાં હતું જે બધું ચોરોએ જોયું, ફેંદ્યું ને વેરવિખેર બેડરૂમમાં બેડ ઉપર બધું પાથરી દીધેલું. એમાંની એક પણ વસ્તુ તેમણે લીધી નહોતી. માત્ર મામૂલી રોકડ રકમ લઈ ગયેલા જે ૫૦૦ ડૉલરથી વધારે નહિ હોય.

એની સામે મહારાજે શું ફાયદો કરાવ્યો ? તો, ૧૭૨૫ ડૉલરનો ઇન્સ્યૉરન્સનો ફાયદો. બીજો ફાયદો ઘરનો દરવાજો તકલાદી હતો જે ચોરી નિમિત્તે તૂટી જતાં નવો મનપસંદ દરવાજો નાખ્યો. જેના પૈસાની વ્યવસ્થા ઇન્સ્યૉરન્સ કંપની પાસેથી મળી રહેલી. ત્રીજો ફાયદો ચારેય બેડરૂમના ક્લૉઝિટમાં (કબાટમાં) બધું વેરવિખેર કરી દીધેલું એટલે બધું વ્યવસ્થિત ગોઠવવાની ફરજ પડી તેથી ઘણા સમયથી ન થયેલી સફાઈ થઈ ગઈ. કપડાં, ફાઈલો અને કેટલોક જરૂરી સામાન યોગ્ય જગ્યાએ મુકાણો અને અમે ભૂલી ગયેલા કે આ સામાન આપણી પાસે છે તેની પણ યાદ તાજી થઈ. તે બદલ ચોરોને થૅન્ક યૂ.

વળી, ઈ.સ. ૨૦૦૪થી લઈને ઈ.સ. ૨૦૨૪ સુધી ૨૦ વર્ષની નોકરી દરમ્યાન મૅનેજરની પોસ્ટ સુધી પહોંચેલા તેથી પ્રગતિ ત્યાં જ અટકી ગયેલી. પગાર વધારો પણ થાય તેમ નહોતો. તેથી નોકરી છોડી ધંધો કરવાની ઇચ્છા હતી. જો સામેથી જૉબ છોડી દેત તો વળતર કાંઈ મળત નહીં. પરંતુ કંપનીએ સામેથી છૂટા કર્યા તો વળતર રૂપે એક વર્ષ સુધી પૂરેપૂરો પગાર મળવાનું નક્કી થયું. ત્યારબાદ ગવર્નમેન્ટ તરફથી ઍમ્પ્લોયમૅન્ટ ઇન્સ્યૉરન્સની રકમ નવ મહિના મળી રહી. આમ કુલ પોણા બે વર્ષ સુધીની મહારાજે નિરાંત કરાવી દીધી. તે દરમ્યાન સારી રીતે સેટ થઈ શકાય તેવો અવકાશ મહારાજે આપી દીધો.

તથા અગાઉથી ઈન્વેસ્ટમૅન્ટ માટે નવાં બે ઘર લીધેલાં તેનું ક્લોઝિંગ આવ્યું એ જ અરસામાં જે ઘરમાં બેઝમૅન્ટમાં ભાડવાત રહેતા તેમણે અચાનક ઘર ખાલી કર્યું એટલે મોર્ગેજ ભરવાની ચિંતા માથે આવી. જે નોકરી હોત તો તેના પગારમાંથી પાર પડી

જાત. પરંતુ તે પરિસ્થિતિમાંય મહારાજે ધીરજ-શ્રદ્ધા રખાવી. ‘મહારાજ જે કરતા હશે તેમાં રાજી રહેવું. સારા માટે જ હશે.’ આ સમજણ રખાવી. પરંતુ પૂરા પંદર દિવસ પણ થવા ન દીધા ને સામેથી હતી એના કરતાંય સારી જૉબ મળી ગઈ. પરિણામે બબ્બે પગાર શરૂ થયા. અગાઉની જૉબનો એક વર્ષનો અને નવી મળી તે જૉબનો અને નવા ભાડવાત પણ મળી ગયા. આટલા ફાયદા થયા. સૌથી મોટો ફાયદો એ થયો કે સમયે પૉઝિટિવ વિચાર, સવળી સમજણ, મહારાજના કર્તાપણાની સમજણ સાથે ધીરજ રાખી શક્યા. મહારાજમાં કોઈ તર્ક કે સંકલ્પ ન થયો એ જ મહારાજની અને મોટાપુરુષની અમારા પર અધિકાધિક કરુણા સમજીએ છીએ. આપણે પણ દરેક સ્થિતિ-પરિસ્થિતિમાં શ્રીજીમહારાજના કર્તાપણાનો વિચાર જીવનમાં દૃઢ રાખીએ તો હળવાફૂલ જેવા રહી શકાય.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. રણછોડભાઈ ડાહ્યાભાઈ કાચા, ઉંમર વર્ષ-૭૪, વેજલપુર; તા. ૨૯-૬-૨૦૨૫**

**મૂ. નિ. દિલીપભાઈ મણિલાલ ઠક્કર, ઉંમર વર્ષ-૬૮, ઇસનપુર; તા. ૨-૭-૨૦૨૫**



**મૂ. નિ. પ્રવીણભાઈ બળદેવભાઈ ભાવસાર, ઉંમર વર્ષ-૮૦, દરિયાપુર; તા. ૬-૭-૨૦૨૫ :** ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુજીના અત્યંત રાજીપાપાત્ર તેમજ કૃપાપાત્ર એવા પ્રવીણભાઈ ભાવસાર મૂર્તિસુખે સુખિયા થયા છે. ગુરુદેવ મોટા મંદિરે બિરાજતા ત્યારથી સત્સંગના યોગમાં આવેલા. વાસણા ખાતે સત્સંગની શરૂઆત થઈ ત્યારથી લઈ અદ્યપિ પર્યંત તેઓના પરિવારનો સંસ્થામાં સિંહફાળો છે. નાનકડી ઓરડીમાં સંતો રહેતા ત્યારે વર્ષો સુધી સીધું-સામાન લાવી આપી સંતોની ખૂબ સેવા કરી હતી. તેઓએ વર્ષો સુધી વાસણા મંદિરે ઠાકોરજીને ગુલાબનો હાર ધારણ કરાવવાની સેવાથી લઈ પક્ષ માટે માથા સાટે સમર્પણ આપવાની ખુમારીનાં પીયૂષ ગુરુદેવની કૃપાથી પીધેલાં.



**મૂ. નિ. રામજીભાઈ નાથાભાઈ રૂડકિયા, ઉંમર વર્ષ-૮૫, રાજકોટ; તા. ૧૧-૭-૨૦૨૫ :** રાજકોટ સેન્ટરના ઘરના હરિભક્ત એવા રમેશભાઈ રૂડકિયાના પિતાશ્રી રામજીભાઈ રૂડકિયા મૂર્તિસુખે સુખિયા થયા છે. પૂ. સંતોના વચને જૈફ વયે પણ નાની-મોટી સેવા કરી તેઓ રાજીપાના પાત્ર બન્યા હતા.

**મૂ. નિ. કાનજીભાઈ ધનજીભાઈ ચૌહાણ, ઉંમર વર્ષ-૭૫, સુરેન્દ્રનગર; તા. ૧૪-૭-૨૦૨૫**



**મૂ. નિ. અમૃતભાઈ હરજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૩, ઘાટલોડિયા; તા. ૧૫-૭-૨૦૨૫ :** ઘાટલોડિયા સેન્ટરના ઘરધણી મુક્ત તેમજ સંસ્થાની પાયાની ઈંટ સમા હરિભક્ત અમૃતભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ સમર્થ સદ્. મુનિબાપા, અ.મુ. સોમચંદબાપા તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે જ્યારે કમળાપુરા પધારતા ત્યારે તેઓની મહિમાસભર થઈ સેવા કરી રાજીપાના પાત્ર બન્યા હતા. તેઓના પિતાશ્રી હરજીભાઈની જેમ તેઓએ પણ સંસ્થાના નાના-મોટા તમામ ઉત્સવ-સમૈયાપ્રસંગે રસોડાની સેવા ઉપાડી લઈ છેલ્લા શ્વાસ સુધી એ વારસાને શોભાવ્યો હતો. જ્યારે સંસ્થા માટે કપરો સમય હતો ત્યારે સંસ્થાની, ગુરુદેવની પડખે રહી શિર સાટે પક્ષ રાખી ગુરુદેવનો તથા ગુરુજીનો ખૂબ અંતરથી રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

**મૂ. નિ. ભરતભાઈ વાસુદેવભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૪, કડી; તા. ૧૫-૭-૨૦૨૫**

**મૂ. નિ. કેતનભાઈ હરજીવનભાઈ મોટકા, ઉંમર વર્ષ-૪૨, હળવદ; તા. ૩૦-૭-૨૦૨૫**

**મૂ. નિ. કાંતાબેન જયંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૨, સુરત; તા. ૫-૭-૨૦૨૫**

**મૂ. નિ. લીલાબેન શિવાભાઈ કોઠારી, ઉંમર વર્ષ-૭૫, ઘનશ્યામનગર; તા. ૯-૭-૨૦૨૫**

**મૂ. નિ. ભાનુબેન મહેશભાઈ ગુસાણી, ઉંમર વર્ષ-૭૧, જામનગર; તા. ૨૯-૭-૨૦૨૫**

**મૂ. નિ. સુધાબેન હરિશભાઈ દ્વિવેદી, ઉંમર વર્ષ-૭૬, સેટેલાઇટ; તા. ૬-૮-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



ધીરજ રાખી મહારાજ પર શ્રદ્ધા રાખવાથી પરિણામ હિતકારી જ મળે.



# સંયમી વાણી

આપણા કાને વારંવાર બે કહેવતો સાંભળવા મળતી હોય છે. એક, 'ન બોલવામાં નવ ગુણ.' અને બીજી, 'બોલે તેના બોર વેચાય, ન બોલે તેની બદામ પણ પડી રહે.' આ બંને કહેવતો એકબીજાથી તદ્દન વિરુદ્ધ છે. આ બંને સાંભળતાં આપણને પ્રશ્ન થાય કે ખરેખર આપણે સંપૂર્ણ મૌન રહેવું જોઈએ કે બોલકા ?! સંપૂર્ણ મૌન પણ યોગ્ય નથી અને વાચાળ રહેવું પણ યોગ્ય નથી. એના કરતાં સંયમમાં બોલવું એ શ્રેષ્ઠ છે.

સંયમી વાણી એટલે જ્યાં, જેટલી, જેવી જરૂર હોય એટલું બોલવું. બોલ્યા પહેલાં વિચાર કરવો કે, 'મારું આ બોલવું આ સમયે જરૂરી છે ? મારા બોલવાથી સામેનાને કે મને ફાયદો થવાનો છે ?' ટૂંકમાં, વાણી પર સંયમ ત્યારે જ આવશે જ્યારે વાણી બોલતા પૂર્વે વિચાર ભળશે તો.

મનુષ્યની સ્વસ્થતામાં જેટલો સંયમી આહાર, સંયમી ઊંઘ, સંયમી વિચારો ભાગ ભજવે છે એટલી જ સંયમી વાણી ભાગ ભજવે છે. અર્થાત્ આહાર, ઊંઘ, વિચારો અને વાણી જેના સંયમમાં એ મનુષ્ય દીર્ઘ અને સ્વસ્થ જીવન જીવી શકે છે.

એક વખત વક્તૃત્વ કળામાં પારંગત એવા એક શિક્ષક પાસે એક યુવાને આવીને કહ્યું, "સાહેબ, હું આપની પાસે તાલીમ લેવા આવ્યો છું. મારે બોલતા શીખવું છે. મારે આ દેશના સર્વોત્તમ વક્તા બનવું છે. મને એવી કળા શીખવો કે જેથી ઈતિહાસમાં મારું નામ અમર થઈ જાય." આમ ને આમ આ યુવાને ક્યાંય સુધી બોલ્યા કર્યું. આ યુવાન બોલતો અટક્યો એટલે શિક્ષકે કહ્યું, "સારું, તમને હું વક્તૃત્વ કળા તો જરૂર શીખવીશ પણ તમારે મને બેવડી ફી આપવી પડશે. અને આમ તો મારો કોર્સ છ મહિનાનો છે પણ તમારે દોઢ વર્ષ સુધી તાલીમ લેવી પડશે."

આશ્ચર્યવત્ યુવાને પૂછ્યું, "કેમ સાહેબ ? બોલવામાં હું કાંઈ સાવ કાચો છું ?" શિક્ષકે કહ્યું, "બોલવામાં તમે બિલકુલ કાચા નથી એટલે જ તો... મારે તમને બોલતા પહેલાં છ મહિના સંપૂર્ણ મૌન રહેતા શીખવવું પડશે. પછીના છ મહિના સંયમી બોલતા. પછી તમને હું વક્તૃત્વ કળાની તાલીમ આપી શકીશ." આ શિક્ષકનો યુવાન પરનો કટાક્ષ આપણને સૌને લાગુ પડે છે એવું નથી લાગતું ? રાત્રે પથારીમાં સૂતા પહેલાં એક દિવસ માટે આપણે આપણા દિવસભરના વ્યવહારોનું અવલોકન કરીએ તો ખબર પડશે કે આપણે આખા દિવસ દરમ્યાન કેટલું બધું બિનજરૂરી બોલ્યા હોઈશું. જેમાંથી અડધું પણ ન બોલ્યા હોત તો આપણને કે સામેવાળાને કોઈ નુકસાન ન થાત; ઉપરથી ફાયદો થાત.

આપણે એક વાતને બરાબર યાદ રાખવા જેવી છે કે, 'આપણા બોલાયેલા શબ્દોના આપણે ગુલામ છીએ જ્યારે નહિ બોલાયેલા શબ્દો આપણા ગુલામ છે.' ઘર-પરિવાર, સત્સંગ કે ધંધા-વ્યવસાયમાં સંવાદિતા કે વિસંવાદિતાનું મુખ્ય સાધન વાણી છે. આ દરેક ક્ષેત્રે બિનજરૂરી બોલવાથી અથવા જરૂર હોવા છતાં ન બોલવાથી પ્રશ્નોની હારમાળા સર્જાય છે. તે કરતાં જ્યાં, જેવી જરૂર પડે ત્યાં તેવું ને તેટલું વિચારીને બોલવું એ ડહાપણ અને પીઢતાની નિશાની છે. એટલે જ સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે,

'સમજી વિચારી બોલો અમૃત વેણ જો...'

જીવનસંધ્યાએ પહોંચેલા એક ૭૦ વર્ષીય વૃદ્ધ અંગતભાઈનું જીવન ખુશાલીથી ભરેલું જોઈ એક વૃદ્ધે પૂછ્યું, "અંગતભાઈ, આ ઉંમરે તમે ખૂબ સંતુષ્ટતાપૂર્વક આનંદથી જીવન વ્યતીત કરી રહ્યા છો. તેનું રહસ્ય જણાવશો ?" આનંદિત જીવન વિતાવતા અંગતભાઈએ કહ્યું, "હા કેમ નહીં ? મારા સુખી જીવનનું રહસ્ય એટલું જ છે : સંયમ. જમવામાં સંયમ, ઊંઘવામાં સંયમ,

સંયમી વાણી એ વાર્તાલાપની મહાન કળા છે.

વિચારોમાં સંયમ અને વાણીમાં સંયમ. જમવામાં, ઊંઘવામાં અને વિચારોમાં સંયમથી હું પોતે સ્વસ્થ રહું છું અને વાણીના સંયમથી હું અને મારો પરિવાર ખુશ અને સ્વસ્થ રહીએ છીએ.''

વડીલે પૂછ્યું, ''એ કેવી રીતે ?'' ત્યારે અંગતભાઈએ કહ્યું, ''મારા પુત્રોને પરિવારની બધી જવાબદારી સોંપી દીધા પછી હું ખૂબ નિશ્ચિંત થઈ ગયો છું. પ્રભુભજન એ મારું દિવસ વિતાવવાનું મુખ્ય સાધન છે. મારા પુત્રો કે પૌત્રો કંઈ ભૂલ કરે તો મૌન રહું છું. એમના કામમાં દખલ કરવાનું મારા નિત્યક્રમમાં નથી. જો તેઓ મારી પાસે સલાહ લેવા આવે તો જરૂરથી મારા જીવનના અનુભવનો નિચોડ તેમને કહું છું પણ સંયમમાં. 'આમ કરવું જ જોઈશે એમ નહિ, પણ આવું કરી શકાય. આવું કરવાથી આવા ફાયદા થાય.' એમ કહી હું છૂટી જઉં છું. પછી મારી સલાહ પ્રમાણે તેઓ અમલ કરે છે કે નહિ તે જોવામાં મને સહેજ પણ રસ નથી. ડાઇનિંગ ટેબલ પર સાથે જમવા બેઠા હોય ત્યારે પરિવારના કોઈ સારા-નરસા નિર્ણયો લેવાના થાય ત્યારે મને પૂછે તો જ અભિપ્રાય આપું, નિર્ણય તો નહિ જ. કદાચ ન પૂછે તો 'મને કેમ કહ્યું નહિ, હું વડીલ છું.' આવા અભિમાની વિચારો પર સંયમ રાખું છું. બસ 'સંયમ' એ જ મારા સ્વસ્થ અને આનંદિત જીવનનું એકમાત્ર રહસ્ય છે.''

અંગતભાઈના જીવનમાંથી એટલું તો દૃઢ કરીએ કે, ગમે તે ભોગે વાણી પર સંયમ કેળવવો છે. આ વિશ્વમાં માત્ર મનુષ્યને જ શ્રીહરિએ વાણીની બક્ષિસ આપી છે. આવી અમૂલ્ય ભેટનો આપણે કેટલો દુર્વ્યય કરીએ છીએ. દૂધ, તેલ, ઘી અને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરનારા આપણે જો વાણીનો પણ કરકસર અને વિવેકપૂર્ણ ઉપયોગ કરતા થઈએ તો ઘર-પરિવાર કે દરેક ક્ષેત્રમાં ૭૦થી ૭૫% સમસ્યાઓ હલ કરી શકાય. આપણે શરીરને નીરોગી રાખવા ઉપવાસનું મહત્ત્વ સમજ્યા છીએ. મનને હળવું ફૂલ તથા બોજા રહિત કરવા અઠવાડિયે એક રજાનું મહત્ત્વ સમજ્યા છીએ પણ આપણા અરસપરસના વ્યવહારોને સ્વસ્થ અને મજબૂત કરવા સંયમી વાણીનું મહત્ત્વ સમજ્યા છીએ ?

સરિતાનાં શાંત જળ જેમ ગહન અને ઊંડાં હોય છે એમ ઓછાબોલા મનુષ્યો પણ ધીર-ગંભીર અને શાંત સ્વભાવના હોય છે. તેઓએ 'કમ ખાઓ ઔર ગમ ખાઓ' એ વ્યવહારની ડહાપણભરી સલાહને આત્મસાત્ કરી હોય છે. આવા લોકોને મનની શાંતિ અને સ્વસ્થતા સહજ હોય છે. કોઈકે સાચું જ કહ્યું છે, 'જેની જીભ નાની એનું કામ મોટું, જેની જીભ મોટી એનું કામ નાનું.'

ઓછું બોલનારને કેવો ફાયદો થતો હોય તે વાત અહીં ઉલ્લેખનીય છે. એક વાર બે મિત્રો મુસાફરી કરતાં રેલવેના એક ડબ્બામાં ભેગા થઈ ગયા. બંને મિત્રો વર્ષો પછી મળ્યા તેથી એકબીજાને જોઈ ખૂબ રાજી રાજી થઈ ગયા. થોડી વાર બાળપણનાં સંસ્મરણો તાજાં કરી બંનેએ પોતાના નાસ્તાના ડબ્બા ખોલી ભેગા કરી દીધા. પછી બંને તેમાંથી જમવા લાગ્યા. બેમાંથી એક મિત્ર થોડા વાતોડિયા હતા. જ્યારે બીજા થોડા ચતુર. ચતુર મિત્રએ પેલાને પૂછ્યું, ''તારા પિતાશ્રી જીવે છે ?'' વાતોડિયાએ વાતો શરૂ કરી, ''ના, હમણાં પાંચ વર્ષ પહેલાં જ ભગવાનના ઘરે સિધાવ્યા. એ તો અમારા ગામમાં ધાડ પડી. લોકોએ નાસભાગ શરૂ કરી. મારા પિતાજી શૂરવીર હતા એટલે ઘરમાંથી તલવાર શોધી પેલા ધાડપાડુઓને મારવા પાછળ દોડ્યા. તેમાં પોતે જ મરાયા.'' એમ કહી લાંબી લાંબી વાતો કરી. એટલી વારમાં પેલા ચતુર મિત્રએ ઠીક ઠીક પ્રમાણમાં નાસ્તો કરી લીધો. વાતોડિયા મિત્રને આ વાત ધ્યાનમાં આવી ગઈ એટલે એમણે પણ પૂછ્યું, ''તારા પિતાશ્રી જીવે છે ?'' પેલા ચતુર મિત્રે માત્ર એક જ લીટીમાં જવાબ આપી દીધો, ''ના. ગયા વર્ષે હાર્ટઍટેકમાં ધામમાં ગયા.'' આટલું બોલી ફરીથી નાસ્તો કરવાનું શરૂ કરી દીધું.

માત્ર નાસ્તો કરવાના સમયમાં જ નહિ, જે જીવનમાં પ્રત્યેક ક્ષેત્રે સંયમી રહી શકે તે જ કંઈક પામી શકે. પ્રશ્ન જરૂર થાય કે બાળપણથી વાણી પર સંયમ રાખવાનો વિચાર પણ કર્યો નથી તો હવે વાણી પર સંયમ કેવી રીતે રાખવો ? અહીં આપેલ પ્રશ્નો જે તે પરિસ્થિતિને અનુરૂપ સ્વને જ પૂછી, સ્વ પાસેથી મનોમન જવાબ લઈશું તો એ પછીથી નીકળતી વાણી જરૂરથી સંયમી હશે.

૧. ખરેખર મારે આ સમયે બોલવું ઉચિત છે ?
૨. મારે શું કહેવું જોઈએ ? કેટલું કહેવું જોઈએ ?
૩. મારા બોલવાથી સામેનાને કે મને શું ફાયદો થવાનો છે ?
૪. મારા બોલવાથી પરિસ્થિતિ વધુ બગડશે તો નહિ ને ?
૫. હું જે બોલી રહ્યો છું તે સામેનાને ગમે તેવું છે ? સમજાય તેવું સ્પષ્ટ છે ?
૬. હું જે બોલું છું તેમાં થોડું ઓછું બોલું તો ચાલે એમ છે કે કેમ ?

વાણી પર માત્ર સંયમની લગામ રાખવાથી વ્યવહારિક અને અધ્યાત્મ જીવનમાં કેવા ફાયદા લઈ શકાય તે સ્વજીવનમાં અનુભવીએ સંયમી વાણી કરીને...



સંયમથી ઉત્પન્ન મૌન સાધુતા છે.

## અડાજણ (સુરત) ખાતે નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ



"જોજો તો ખરા... સમગ્ર વિશ્વમાં પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામનો જયજયકાર થશે." મહારાજની દયાથી વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં હજારો મુમુક્ષુઓ શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખી દિવ્યજીવન બનાવી રહ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પે તથા વ્હાલા ગુરુજીની દિવ્ય અનુજ્ઞાથી કારણ સત્સંગના પ્રચાર-પ્રસારની સેવામાં સુરત - વરાછા મંદિરેથી પૂ. સંતો અહીં પધારતા. પરિણામે સત્સંગ ખૂબ વૃદ્ધિ પામતાં ઈ.સ. ૨૦૧૫માં અડાજણ ખાતે જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. અહીંના ઘરધણી હરિભક્તો પૂ. સંતોના વચને સત્સંગ પ્રચાર-પ્રસારની સેવામાં ભોગ-સમર્પણ આપી ઠાકોરજી તથા વ્હાલા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા.

તા. ૨૮-૬-૨૦૨૫ ને શનિવારના રોજ અડાજણ ખાતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય અનુજ્ઞાથી સંસ્થાના વડીલ સંત પૂ. પૂર્ણસ્વામીની ઉપસ્થિતિમાં નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ઊજવાઈ ગયો. પ્રાતઃ સમયે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થયા બાદ પ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ થયો. પૂ. પૂર્ણસ્વામીએ ઠાકોરજીને પૂજન-અર્ચન કરી હાર પહેરાવ્યા બાદ મહાપૂજા વિધિની શરૂઆત કરાવી. ઠાકોરજીને કરગરીને પ્રાર્થના કર્યા બાદ સૌ હરિભક્તોએ આનંદોત્સવનો લાભ લીધો હતો. ત્યારબાદ પૂ. પૂર્ણસ્વામીએ કથાવાર્તાનો લાભ આપી સત્સંગનું બળ આપ્યું હતું.

આજના પ્રસંગે વ્હાલા ગુરુજીએ ઉપસ્થિત હરિભક્તોને ઑનલાઇન ઉપસ્થિત રહી આશીર્વાદની હેલી વરસાવી હતી. પૂ. વિનયસ્વામી, પૂ. નિત્યસ્વામી, પૂ. મનનસ્વામી, પૂ. દયાળુસ્વામી આદિ સંતોની રાહબરી હેઠળ સ્વયંસેવક મુક્તોએ સમસ્ત કાર્યક્રમને દીપાવ્યો હતો.

આમ, આજના પ્રસંગે ૧૧૦૦થી વધુ મુક્તોએ હાજર રહી ધન્યતા અનુભવી હતી.

## પાસોદરા પાટિયા (સુરત) ખાતે નૂતન એસ.એમ.વી.એસ. મંદિરનો દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



તા. ૨૧-૭-૨૦૨૫ ને સોમવારના રોજ પાસોદરા પાટિયા ખાતે નૂતન મંદિરમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો.

અષાઢ વદ એકાદશીની નવલી પ્રભાતે આબાલવૃદ્ધ, નાના-મોટા સૌ કોઈનાં હૈયાં થનગની ઊઠ્યાં. પુષ્પવૃષ્ટિ કરી સૌ કોઈએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીના આગમનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. વ્હાલા ગુરુજીએ મંદિરના પ્રવેશદ્વાર પર કુમકુમ ચાંદલા કરી આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂક્યું. કીર્તનભક્તિ પૂર્ણ થયા બાદ ઠાકોરજીની મહાપૂજા વિધિનો આરંભ થયો. વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોએ શ્રીફળ-કળશને ચાંદલા કરી યજમાન સભ્યોને નાડાછડી બાંધી. મહાપૂજા વિધિ પૂર્ણ થયા બાદ વ્હાલા ગુરુજીએ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન કરી હાર ધારણ કરાવી સુખિયા કર્યા. વરિષ્ઠ સંત પૂ. ભક્તસ્વામી તથા પૂ. પૂર્ણસ્વામી તેમજ અન્ય સંતો સહિત હરિભક્તોએ પણ ઠાકોરજીના પૂજન-અર્ચનનો લાભ લઈ ધન્યતા અનુભવી.

વ્હાલા ગુરુજીએ આનંદોત્સવ દ્વારા સૌ કોઈ મુક્તો પર પુષ્પવૃષ્ટિ કરી સૌને અનહદ કૃપાવર્ષામાં ભીંજવ્યા. યજમાન મુક્તોએ ઠાકોરજીની ઉપચાર વિધિનો લાભ લીધા બાદ ગુરુજીએ ઠાકોરજીની આરતીનો લાભ લીધો. આજના દિને સૌ કોઈએ ગુરુજીની દિવ્યવાણીનો લાભ લીધા બાદ ગુરુદેવના દિવ્ય આશીર્વચનોનો લાભ લીધો હતો. વ્હાલા ગુરુજીએ સૌને રાજી થકા દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા. સ્વયંસેવક મુક્તોએ પૂ. પૂર્ણસ્વામી, પૂ. વિનયસ્વામી, પૂ. નિત્યસ્વામી, પૂ. સિદ્ધાંતસ્વામી, પૂ. મનનસ્વામી, પૂ. દયાળુસ્વામી આદિ સંતોની રાહબરી હેઠળ સમગ્ર કાર્યક્રમને દીપાવ્યો હતો.

આમ, આજના દિને ૨૦૦૦થી વધુ મુમુક્ષુ જીવો આ દિવ્ય પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેનનું યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ






વિદેશના મહિલા સમાજને કારણ સત્સંગના સિદ્ધાંતોથી ભરી દેવા તથા મહારાજ ને મોટાપુરુષના રાજીપાનાં પાત્રો કરવા માટે એસ.એમ.વી.એસ.ના મહિલા વિંગના વરિષ્ઠ પૂ. ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેનનું યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેન, પૂ. નિરાલીબેન સાથે પ.ભ. છાયાબેન તથા દેવાંશીબેન પટેલ ઍટલાન્ટા ખાતે પધાર્યાં. નૉર્થ કૅરોલીનાથી વ્હાઇટ લેડી **Mrs. Amberben** પણ ઍટલાન્ટા મંદિરે પૂ. જાગુબેનનો લાભ લેવા સૌપ્રથમ વાર પધાર્યાં. ત્રણ દિવસ રોકાયાં, નિત્યપૂજા કરવાનો નિયમ લીધો તથા સત્સંગમાં પણ ખૂબ બળિયા બન્યાં- કૃતાર્થ બન્યાં. ત્યારબાદ બોસ્ટન, એડિસન, ચેરીહિલ, જર્સીસિટી તથા ટોરન્ટો ખાતે પૂ. જાગુબેને સૌને દિવ્ય લાભ આપી ખૂબ બળિયા કર્યાં. તમામ સેન્ટરોમાં પ્રાત: સભા, મહિમા સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, અંગત બેઠકો દ્વારા સૌને ખૂબ આધ્યાત્મિક બળ પ્રદાન કર્યું. એક-દિવસીય મહિલા શિબિરમાં પૂ. જાગુબેને સૌને મહારાજ અને મોટાપુરુષના મહિમા તથા રાજીપાના વિચારથી ભરી દીધા. કાર્યકર ડે તથા અગ્રેસર ટ્રેનિંગ દ્વારા સૌ ઘરધણી મુક્તોને સેવા નિભાવવાની રીત શીખવી. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજનો દિવ્ય અભિષેક ઉત્સવ, રંગોત્સવ તથા પ્રસાદ લીલા દ્વારા સૌને દિવ્યાનંદમાં ડુબાડ્યા. કૅનેડામાં ટોરન્ટો ખાતે પિકનિકમાં સૌ મુકતોને ક્રૂઝમાં ખૂબ દિવ્ય લાભ પ્રાપ્ત થયો તેમજ કેલિડોન મંદિર ખાતે ગુરુપૂર્ણિમાના દિવ્ય દિને સૌપ્રથમ વાર પધારી પૂ. જાગુબેને સૌ મુકતોને લાભ આપી ખૂબ જ મહિમાસભર કર્યાં. યુ.એસ. એ. તથા કૅનેડાના રિમોટ એરિયામાં વસતા આશરે ૧૩૫ જેટલા મહિલા હરિભક્તોને ઑનલાઇન દર્શન દ્વારા વ્યક્તિગત લાભ આપી બળિયા કર્યાં. આમ, યુ.એસ.એ. તથા કૅનેડા ખાતેના વિચરણ દરમ્યાન વિવિધ પ્રોગ્રામ દ્વારા પૂ. જાગુબેને સમગ્ર મહિલા સમાજને વ્હાલા ગુરુજીના સંકલ્પમાં ભેળા ભળવા અનેરું બળ પીરસીને ખૂબ જ ભર્યાં કર્યાં.

લંડન ખાતે ૩૦ વર્ષથી જેની આતુરતાથી રાહ જોતા હતા તે દિવ્ય પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવવા મહિલા સમાજ થનગની રહ્યો હતો. આ અવસરને દીપાવવા એસ.એમ.વી.એસ. મહિલા વિંગના વરિષ્ઠ મહિલા ત્યાગીમુક્ત પૂ. જાગુબેન તા. ૨૧ જુલાઈના રોજ તથા પૂ. દીપલબેન તા. ૧૭ જુલાઈના રોજ લંડન ખાતે પધાર્યાં. રંગેચંગે વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં લંડન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો. તા. ૨૯ જુલાઈના રોજ 'અનાદિ રિવર' ખાતે ક્રૂઝ પિકનિકમાં સૌ મુકતોને ખૂબ જ દિવ્ય લાભ આપી દિવ્યાનંદમાં ગરકાવ કર્યાં અને તા. ૩૧ જુલાઈના રોજ તેઓ ઇન્ડિયા પરત પધાર્યાં. આમ, પૂ. જાગુબેનના યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે.ના ૫૧ દિવસના વિચરણ દરમ્યાન ૭૨ સભાઓ, ૧૦૦ અંગત બેઠક તથા ૧૦ શિબિરો દ્વારા વિદેશના મહિલા સમાજમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા.

**કારણ સત્સંગનો પ્રચાર વિશ્વવ્યાપી થાય છે.**

## વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ









વિદેશના મહિલા સમાજને મળેલા મહારાજ ને મોટાપુરુષના મહિમાસભર કરવા પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. રમીલાબેન, પૂ. સ્મૃતિબેન, પૂ. ગાર્ગીબેન, પૂ. કેયૂરીબેન, પૂ. સંગીતાબેન યુ.એસ.એ.ના **SFO**ના એરપોર્ટ પર પધાર્યાં. સાથે હરિભક્તોમાં સેવા-સમાગમનો લાભ લેવા પ.ભ. મીનાબેન ગણાત્રા પણ જોડાયાં.

યુ.એસ.એ. ખાતે કૅલિફૉર્નિયા (સાન ફ્રાન્સિસ્કો), ચેરીહિલ, જર્સીસિટી ખાતે તથા ટોરન્ટો મંદિર ખાતે તેમજ વિવિધ એરિયા જેવા કે નૉર્થયૉર્ક, ઇટોબિકોક, બ્રેમ્પટન, સ્કારબોરો, પીકરિંગ, એજેક્સ, લંડન, મિલ્ટન, ગલ્ફ, કૅમ્બ્રિજ, કીચનર, વુડસ્ટોકમાં સત્સંગ વિચરણ યોજાયું. વળી, ઍલ્બર્ટા, કૅલ્ગરી, એડમન્ટન, સૅસ્કેટૂન, રિજાઇના ખાતે વિવિધ પ્રોગ્રામો દ્વારા સૌ બળિયા થયા. દરેક સેન્ટરમાં મહિમા સભા, પ્રાતઃ સભા, અંગત બેઠક, પધરામણી ઉપરાંત કૅમ્પ ફાયર, સમૂહપૂજા, પિકનિક, સમૂહયજ્ઞ, ભક્તિયાત્રા જેવા વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા સૌ વિશેષ મહિમાસભર થયા. બાલિકા સભા, કિશોરી સભા, **SBS, SKS** સભાઓ દ્વારા બાલિકા-કિશોરી સમાજે પણ રાજીપાના માર્ગે પ્રયાણ કર્યું. વિવિધ મિટિંગો-ટ્રેનિંગો દ્વારા સૌને વિશેષ માર્ગદર્શન મળ્યું.

પૂ. રમીલાબેન તથા પૂ. કેયૂરીબેન યુ.એસ.એ., કૅનેડાનું વિચરણ પૂર્ણ કરી તા. ૧૯ જુલાઈના રોજ યુ.કે. મૂર્તિપ્રતિષ્ઠાના દિવ્ય ઉત્સવમાં પધાર્યાં. અને ત્યાંથી તા. ૩૧ જુલાઈના રોજ ઇન્ડિયા પધાર્યાં. આમ કુલ ૯૫ દિવસના વિચરણ દરમ્યાન ૨૧૦ પધરામણી તથા ૧૯૨ સભાઓ દ્વારા યુ.એસ.એ., કૅનેડા અને યુ.કે.ના મહિલા સમાજે રાજીપાના રાજમાર્ગ પર સવિશેષ ડગ માંડ્યાં.

પૂ. સ્મૃતિબેન, પૂ. ગાર્ગીબેન, પૂ. સંગીતાબેન ચેરીહિલ મંદિર ખાતે વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ કિશોર-કિશોરી કૅમ્પ, **AYP** કૅમ્પ, પ્રિ-મુમુક્ષુ કૅમ્પ તથા દિવ્ય સાંનિધ્ય શિબિરનો લાભ લઈ, મહિલા-કિશોરી સમાજને વિશેષ બળ આપીને તા. ૧૫ ઑગસ્ટના રોજ ઇન્ડિયા પરત પધાર્યાં.

### આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના દિન

## માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ

**તા. ૨૧-૯-૨૦૨૫, રવિવાર • સાંજે ૫:૦૦થી ૭:૦૦**

અન્ય વિશેષ માહિતી “ભલે દયાળુ” વૉટ્સઍપ ગ્રૂપ દ્વારા જણાવવામાં આવશે.

# વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ. તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ






વિદેશના મહિલા સમાજને સત્સંગના દિવ્ય રંગથી ભરી દેવા પૂ. ત્યાગી મહિલામુકતો યુ.એસ.એ. તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યાં. વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પૂ. પીંકલબેન, પૂ. જ્યોત્સ્નાબેન લંડનના હિથ્રો એરપોર્ટ પર પધાર્યાં. સાથે હરિભકતમાં પ.ભ. નીલિમાબેન પટેલ પણ જોડાયાં. તા. ૨૮ એપ્રિલથી ૫ મે સુધી યુ.કે. ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં વિવિધ સભા, મિટિંગો દ્વારા સૌ આવનાર લંડન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના માહોલ આકારે બન્યા. વિવિધ સેવા-કમિટીઓને વેગવંતી કરતાં સમસ્ત મહિલા ભકત સમાજમાં ઉત્સાહ-ઉમંગનું મોજું ફરી વળ્યું.

તા. ૬ મેના રોજ યુ.કે. વિચરણ પૂર્ણ કરી આ મંડળે યુ.એસ.એ. ભણી પ્રયાણ કર્યું. યુ.એસ.એ.નાં વિવિધ સેન્ટરો જેવાં કે એડિસન, બોસ્ટન તથા ઍટલાન્ટામાં વિચરણ આરંભાયું. દરેક સેન્ટરો ખાતે પ્રાત: સભા, મહિમા સભા, બાલિકા સભા, કિશોરી સભા, પધરામણી, અંગત બેઠકો, પિકનિક, ભક્તિયાત્રા, સમૂહયજ્ઞ, સમૂહપૂજા દ્વારા મહિલા સમાજને વ્હાલા ગુરુજીના દિવ્યભાવના સંકલ્પમાં આગળ વધવા જોમ જગાવ્યું. જ્યારે વિવિધ મિટિંગ-ટ્રેનિંગો દ્વારા દરેકને સેવા માટેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

વળી બીજા ગ્રૂપમાં પૂ. જ્યોત્સ્નાબેન અને પૂ. ગાર્ગીબેને યુ.એસ.એ.ના શિકાગો તથા રિમોટ વિચરણ માટે પ્રયાણ કર્યું. જેમાં શિકાગો ખાતે વિવિધ સભા, પધરામણી, પિકનિક જેવા પ્રોગ્રામો દ્વારા સૌને મહિમાસભર કર્યા. યુ.એસ.એ.ના ૧૦ સ્ટેટ જેવા કે પિટ્સબર્ગ, ઓહાયો, કેન્ટકી, ઇંડિયાના, ડલાસ, નૉર્થ કૅરોલીના, સાઉથ કૅરોલીના, વર્જિનિયા, મેરીલૅન્ડ, જૉર્જિયામાં કુલ ૧૦૦ પધરામણી તથા ૫૩ જેટલી સભા જેવાં આયોજનો દ્વારા સૌને સત્સંગનું અનેરું બળ પ્રાપ્ત થયું.

યુ.એસ.એ.નું વિચરણ પૂર્ણ થયા બાદ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે તા. ૨૮ જૂનના રોજ પૂ. પીંકલબેનનું મંડળ લંડન ખાતે પધાર્યું. તા. ૨૫થી ૨૭ જુલાઈ ત્રણ દિવસ દરમ્યાન લંડન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ બાદની સેવા પૂર્ણ કરી તા. ૧૩ ઑગસ્ટના રોજ આ મંડળ ઇન્ડિયા પરત પધાર્યું.

આમ, ૧૦૮ દિવસના યુ.એસ.એ. તથા યુ.કે.ના વિચરણ દરમ્યાન કુલ ૩૮૦ પધરામણી ને ૧૧૫ સભાઓ દ્વારા મહિલા સમાજ રાજીપાના રાજમાર્ગે વેગવંતો બન્યો.



મહાત્મ્યનું ગાન ચૈતન્યને ભર્યો કરી દે છે.

## મંથન અપંગ કન્યા સેવા સંકુલ નોટબુક-ચોપડા વિતરણ (એસ.એમ.વી.એસ. મહિલા વિભાગ સામાજિક સેવાકાર્ય)







સમાજથી તરછોડાયેલી નિરાધાર બાળાઓને સહાય કરવાનો ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો સંકલ્પ સાકાર કરવા એસ.એમ.વી.એસ. મહિલા વિભાગ દ્વારા ઈ.સ. ૨૦૦૮થી અદ્યાપિ અવિરત 'મંથન અપંગ કન્યા સેવા સંકુલ' સંસ્થામાં રહેતી વિકલાંગ બાલિકાઓને દર વર્ષે જૂન મહિનામાં નોટ-ચોપડાનું વિતરણ થાય છે.

એસ.એમ.વી.એસ. મહિલા વિભાગના વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેન તથા પૂ. ત્યાગી મહિલામુક્તો મંથન સંકુલમાં પધારી બાલિકાઓને દિવ્ય સત્સંગની સમજણ તથા નિર્વ્યાજ માતૃવાત્સલ્ય પ્રેમ આપે છે. આ સાથે દરેક બાલિકાને જરૂરી નોટ-ચોપડા તથા પ્રસાદી આપી તેઓને મહારાજ અને મોટાની વહેતી કૃપામાં ભેળવે છે.

તા. ૨૭-૬-૨૦૨૫ ને શુક્રવારના રોજ સંસ્થાના પૂ. ત્યાગી મહિલામુક્તો મંથન સેવા સંકુલ ખાતે પધાર્યાં. જ્યાં પૂ. ત્યાગી મહિલામુક્તોએ ગુરુજીના વહેતા વર્તમાન હૅપી ફૅમિલિના સંકલ્પ રૂપે 'મીઠી વાણી બોલીએ' એ વિષય પર લાભ આપ્યો. એ સાથે એસ.એમ.વી.એસ. વેબસાઇટના વિવિધ વિડિયો કીર્તનનાં દર્શન કરાવ્યાં. બાલિકાઓ આ દિવ્ય લાભ લઈ ખૂબ આનંદિત થયાં.

ત્યારબાદ મંથન સંસ્થાના ફાઉન્ડર શ્રી નીરુબેન પટેલે એસ.એમ.વી.એસ. સંસ્થા તથા પૂ. ત્યાગી મહિલામુક્તોનો આભાર વ્યક્ત કર્યો.

આમ, અત્યાર સુધીમાં એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ૪૪૫૪થી પણ વધુ બાલિકાઓને ૧૭૩૭૪થી વધુ નોટબુક તેમજ ૧૦૧૯૬થી વધુ ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઈ

ભક્તિ ગૃહ ઉદ્યોગ દ્વારા
દશેરા Special
શુદ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર ○ ખાસ સત્સંગી બંધુઓ માટે

BHAKTI NAMKEEN

જલેબી
૧ કિલોના ૨૬૦ રૂપિયા
૨૫૦ ગ્રામ અને ૫૦૦ ગ્રામ પેકિંગમાં ઉપલબ્ધ





ફાફડા (કઢી સાથે)
૧ કિલોના ૪૦૦ રૂપિયા
૨૫૦ ગ્રામ પેકિંગમાં ઉપલબ્ધ

- ઓર્ડર નોંધાવવાની અંતિમ તારીખ ૧૯-૯-૨૦૨૫ રહેશે.
- ઓર્ડર આપ્યા બાદ કોઈ કારણોસર ઉપર જણાવેલ આઈટમમાંથી કોઈ પણ આઈટમ ઉપલબ્ધ ન થાય તો તેની રકમ પરત કરવામાં આવશે.
- વસ્તુનું વિતરણ SMVSના સેન્ટર પરથી તા. ૨-૧૦-૨૦૨૫ને દિવસે કરવામાં આવશે.
- સંસ્થાના તમામ મંદિરોમાં ઓર્ડર નોંધવામાં આવે છે... તો આપનો ઓર્ડર આજે જ નોંધાવો...

## વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









સુકાની વિનાની નાવ કાબૂમાં ન રહે, ફંટાઈ જાય; ગમે ત્યાં લઈ જાય. તેમ અધ્યાત્મ માર્ગ પર ચાલી રહેલા મુમુક્ષુમાત્રને સત્પુરુષ તેમજ સંતોરૂપી સુકાનીની જરૂર પડે છે. ભૌતિકતા, વિષય અને વ્યસનમાં રાચી રહેલા આજની પેઢીના યુવાનોને પૂ. સંતોનું માર્ગદર્શન દિશાસૂચક પુરવાર થાય છે. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી દેશ-વિદેશમાં વિચરણ કરી સત્સંગનું સંવર્ધન કરવા પૂ. રાજીપાસ્વામી અને પૂ. વિનમ્રસ્વામીનું મંડળ વિદેશ સત્સંગ વિચરણ અર્થે પધાર્યું હતું. તેમની સંગે સમર્પિત સેવક કેતુ મહારાજ તથા અમિતભાઈ પટેલે લાભ લીધો હતો.

તા. ૧૧-૬-૨૦૨૫થી તા. ૨૯-૭-૨૦૨૫ દરમ્યાન યોજાયેલા સત્સંગ વિચરણમાં આ સંત મંડળ દ્વારા યુ.એસ.એ.ના સાન ફ્રાન્સિસ્કો, ફેઇટવીલ, ચેરીહિલ અને કૅનેડાના ટોરન્ટો, સુઝનમેરી, સૅસ્કેટૂન, રજાઇના, એડમન્ટન અને કેલ્ગરી ખાતે તેમજ યુ.કે. ખાતે સત્સંગ વિચરણનું આયોજન ગોઠવાયું હતું. 'કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે જ' એ ન્યાયે ગુરુદેવના પડછંદાને સાકાર સ્વરૂપ આપતાં સત્સંગલક્ષી કાર્યક્રમો, આયોજનો દ્વારા વિદેશનો સત્સંગ સમાજ મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્ય આકારે બન્યો હતો. આ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ પણ ઑનલાઇન ઉપસ્થિત રહી દિવ્યવાણીનો લાભ આપી, દર્શન-આશીર્વાદ આપી સૌને સુખિયા કર્યા હતા.

આમ, યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતેના ૪૯ દિવસના વિચરણ દરમ્યાન ૧૩૮થી વધુ પધરામણી, ૧૧૦થી વધુ અંગત બેઠકો, ૪૦થી વધુ મિટિંગો, ૬૪થી વધુ સત્સંગ સભાઓ, વન ડે પિકનિક, ઍક્ટિવિટી આદિક દ્વારા હરિભક્તો વિશેષ બળને પામી મહાત્મ્યની દુનિયામાં ગરકાવ બન્યા હતા. તા. ૨૯-૭-૨૦૨૫ના રોજ આ સંત મંડળે લંડન મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લઈ ઇન્ડિયા આવવા પ્રયાણ કર્યું.



સંબંધો માત્ર લોહીના નથી; હૃદયના છે, તેને પ્રેમથી જાળવવા.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ





દર વર્ષે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ અર્થે પધારી અનંત મુમુક્ષુઓને મોક્ષપ્રાપ્તિનો સાચો રાહ બતાવે છે. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં સંસ્થાના પ્રભારી સંત પૂ. ધર્મસ્વામી સાથે પૂ. આશીર્વાદસ્વામી, પૂ. હરિવત્સલસ્વામી એમ ત્રણ પૂ. સંતોનું મંડળ તા. ૨૯ જુલાઈ, ૨૦૨૫ ને મંગળવારના રોજ આફ્રિકાના કમ્પાલા ખાતે રવાના થયું. તેમની સાથે હરિભક્તોમાં પ.ભ. શ્રી વિપુલભાઈ પટેલ, મનનભાઈ અબાસણા, અલ્કેશભાઈ પટેલ, રવિભાઈ પટેલ તથા ઘનશ્યામભાઈ પટેલ જોડાયા હતા.

તા. ૨૯ જુલાઈની સાંજે આફ્રિકા એરપોર્ટ પર પૂ. સંતો ઊતર્યા. પ્રેમીભક્તોએ ખૂબ જ ઉમંગભેર વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા સંત મંડળનું પુષ્પગુચ્છ દ્વારા ભાવભીનું સ્વાગત કરી ભાવોર્મિઓથી નતમસ્તક થઈ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આગમનને વધાવ્યું હતું.

કમ્પાલા ખાતે મુકોનો, જિંજા, ટિંડા, કામોચા, નમાન્વે, બૂકોટો વગેરે વિસ્તારમાં વિચરણ કરી હરિભક્તોને બળિયા કર્યા હતા. આ ઉપરાંત પ્રાતઃ સભાઓ, બાળ સભા, કિશોર સભા, કાર્યકર ડે, કીર્તન સંધ્યા, સત્સંગ શિબિર, મહાપૂજા તથા પધરામણીઓ દ્વારા હરિભક્તો પૂ. સંતોથી નિકટતા કેળવી બળને પામ્યા હતા.

તા. ૩-૮-૨૦૨૫ ને રવિવારના રોજ ભક્તિયાત્રાનું રંગેચંગે આયોજન થયું હતું. આજરોજ દર્શનાર્થીઓ માટેના દર્શન ખંડમાં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની મૂર્તિનું સ્થાપન પૂ. ધર્મસ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું.

તા. ૭-૮-૨૦૨૫ના રોજ કમ્પાલા ખાતે રક્ષાબંધન નિમિત્તે સભામાં કીર્તન સંધ્યા તથા રક્ષાપર્વની ઉજવણી કર્યા બાદ તા. ૮-૮-૨૦૨૫ના રોજ પૂ. સંતો યુ.એ.ઈ. ખાતે દુબઈ મંદિરે પધાર્યા હતા. આ મંડળે દુબઈ, શારજાહ, બર દુબઈ, અબૂ ધાબી આદિ વિસ્તારોમાં વિચરણ કરી હરિભક્તોને મહારાજ અને મોટાપુરુષનો મહિમા દૃઢ કરાવ્યો હતો. આ ઉપરાંત પૂ. સંતો દ્વારા થયેલ બાળ શિબિર, કિશોર શિબિર, કાર્યકર ડે, સત્સંગ શિબિર, પ્રાતઃ સભાઓ, જાહેર સભાઓ, અંગત સભાઓ તથા હરિભક્તોના ઘરે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. સંતોની પધરામણી દ્વારા હરિભક્તો વિશેષ બળને પામ્યા હતા. આગામી સત્સંગ વિચરણ માટે પૂ. સ્મરણસ્વામી તથા પૂ. સર્વોત્તમસ્વામી દુબઈ પધાર્યા હતા. આ સંતો પૂ. ધર્મસ્વામીના મંડળમાં ભળ્યા હતા. અંતમાં તારીખ ૧૪ ઑગસ્ટ ને ગુરુવારના રોજ વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ધર્મસ્વામીના મંડળે અમેરિકાના બોસ્ટન ખાતે જવા માટે પ્રસ્થાન કર્યું. તથા પૂ. આશીર્વાદસ્વામીના મંડળે તા. ૧૮ ઑગસ્ટ ને સોમવારના રોજ ઈન્ડિયા તરફ પ્રયાણ કર્યું હતું.

આમ, કુલ ૧૭ દિવસના પૂ. સંતોના આફ્રિકા-દુબઈ ખાતેના વિચરણ દરમ્યાન ૨૫થી પણ વધુ સત્સંગ સભા, ભક્તિયાત્રા, સત્સંગ શિબિરો, બાળ સભા, પ્રાતઃ સભા, સંધ્યા સભા, બાળ શિબિર, અગ્રેસર સભા, જાહેર સભા તથા કિશોરો-યુવાનો સાથે પિકનિક, અંગત શિબિર તથા અંગત બેઠકો તેમજ ૮૦થી પણ વધુ પધરામણી, મહાપૂજા જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા પૂ. સંતોએ બાળકો, કિશોરો, યુવાનોને સત્સંગના આધ્યાત્મિક તથા વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં.



# લંડન ખાતે ગુરુદેવ પ.પૂ. બાપજી સંકલ્પિત નૂતન મંદિરમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીના મુક્ત મંડળે સહિત તા. ૨૭-૭-૨૦૨૫ ને રવિવારના રોજ ક્વીન્સબરી (લંડન) ખાતે નૂતન મંદિરને વિષે સિંહાસનમાં ધામધૂમપૂર્વક બિરાજમાન થયા. ચોમેર જયજયકાર થયો. સર્વત્ર આનંદ છવાઈ ગયો. લંડનની ધન્ય ધરા પર મોક્ષ માર્ગના પિપાસીઓ માટે આજે આત્યંતિક કલ્યાણનું નૂતન સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવ્યું. આવો, તેની અનુભૂતિયાત્રાને માણી અહોભાવની દુનિયામાં ગરકાવ થઈએ.



ગુરુના સંકલ્પોને પૂરા કરે તે જ શિષ્ય.






### સત્સંગનો પ્રારંભ

'હે મહારાજ ! આ કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરો, કરો ને કરો જ.' ગુરુદેવના આ પડછંદા તેમજ "કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર." ગુરુજી રચિત આ ઉક્તિ મુજબ ઈ.સ. ૧૯૮૭માં લંડન ખાતે કારણ સત્સંગનાં બીજ રોપાયાં. લંડનના સૌપ્રથમ હરિભક્ત એટલે મહેશભાઈ પટેલ. ઈ.સ. ૧૯૮૭માં તેઓ લિબિયા (નૉર્થ આફ્રિકા) ખાતે નોકરી કરતા. ત્યાં તેઓ રણછોડભાઈ મનજીભાઈ વેકરિયાના (ઘનશ્યામનગરના) સંપર્કમાં આવ્યા. રણછોડભાઈના ઘરે ઘરસભા થાય તેમાં તેઓ લાભ લેતા અને સત્સંગના રંગે રંગાયા. ત્યારપછી તેઓને કંપનીએ લંડન ખાતે ટ્રાન્સ્ફર આપી. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીની ઓળખાણ થઈ. એ સમયે અત્યારના જેવી સુવિધા નહિ એટલે મહેશભાઈ દર મહિને ગુરુજીને ટપાલ લખતા. સામે ગુરુજી પણ તેમને ટપાલ લખી સત્સંગ કરાવતા. આમ, ફક્ત ટપાલનો સત્સંગ ચાલતો. પણ પૂર્વેનો સંસ્કાર બળિયો હશે કે જેથી જો કોઈ તેમની આવેલી ટપાલ વાંચે તો દેહના સગાંનો પ્રેમ પણ એમની આગળ ઝાંખો પડે એવો પ્રેમ ઊભરાય... તો સામા પક્ષે 'પ્રેમીજનને વશ પાતળિયો' એ ન્યાયે વ્હાલા ગુરુજી તેઓના એક-બે પાનાંની સામે બાર બાર પાનાંની ટપાલ લખી સત્સંગ કરાવતા. હજુ પ્રત્યક્ષ દર્શન ન હતાં. માત્ર ટપાલના સત્સંગથી મહેશભાઈ પાકા હરિભક્ત બની ગયા. એક એક હરિભક્તને મહારાજ ઓળખાવી દેવાનો કેવો આગ્રહ !

ઈ.સ. ૧૯૯૩માં દેવશીભાઈ ભોજાણી સત્સંગમાં આવ્યા. એ સમયે વ્હાલા ગુરુજીની ઓડિયો કૅસેટ 'સુખની શોધ' આખાય સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખૂબ પ્રચલિત થઈ હતી. કોઈએ દેવશીભાઈના ભાઈને આ કૅસેટ આપી અને પછી દેવશીભાઈ આ વાતો સાંભળતાં સત્સંગમાં ખૂબ બળિયા બન્યા. ઈ.સ. ૧૯૯૪માં વાલજીભાઈ જેસાણીના ધ્યાનમાં આવ્યું કે, અમદાવાદમાં બાપાની એક સંસ્થા છે. જે બાપાશ્રીના સિદ્ધાંતોના પ્રચાર-પ્રસારની સેવા કરે છે. એવામાં તેમને વાસણા આવવાનું થયું અને ગુરુદેવને પ્રાર્થના કરી કે, "આપ લંડન વિચરણ અર્થે પધારો." ગુરુદેવે કહ્યું, "ત્યાં અમને કોણ ઓળખે ?" વાલજીભાઈએ કહ્યું, "આપ પધારો તો ખરા. ઘણા મુમુક્ષુ જીવો છે." ગુરુદેવે કહ્યું, "હમણાં તો નહિ મેળ પડે. બાપાશ્રી મહોત્સવ આવી રહ્યો છે તે સંપન્ન થાય એટલે મહારાજ રસ્તો કાઢશે. હવે મહારાજનો સંકલ્પ ખીલ્યો છે અને સંજોગ પણ સારો છે." આમ, લંડન ખાતે ત્રણ-ચાર હરિભક્તો દ્વારા સત્સંગ શરૂ થયો. મહેશભાઈ બાપાશ્રી મહોત્સવમાં પધાર્યા અને ગુરુદેવને લંડન પધારવાની પ્રાર્થના કરી. ગુરુદેવે પણ રાજી થકા વિઝા પ્રોસેસ શરૂ કરવાની આજ્ઞા આપી. વાલજીભાઈ, દેવશીભાઈ અને મહેશભાઈએ તપાસ શરૂ કરી, વિઝા મળી ગયા. મહારાજ ભેગા ભળ્યા અને સૌપ્રથમ સત્સંગ વિચરણની ઘડીઓ ગણાવા લાગી.

### સૌપ્રથમ વિદેશ સત્સંગ વિચરણ

ઈ.સ. ૧૯૯૫માં બાપાશ્રી મહોત્સવ બાદ લંડન ખાતે સૌપ્રથમ વખત વિચરણ ગોઠવાયું. ગુરુદેવનો, ગુરુજીનો તથા પૂ. સંતોનો પ્રથમ યાત્રા પ્રવાસ હોવાથી હરિભક્ત સમાજમાં પણ અનેરો આનંદ હતો. વડોદરા રેલવે સ્ટેશનથી મુંબઈ જઈ ત્યાંથી ફ્લાઈટ મારફતે કુવૈત હૉલ્ટ લઈ લંડન પહોંચવાનું હતું. વડોદરા રેલવે સ્ટેશને અમદાવાદ, મહેસાણા, પંચમહાલ ને વડોદરાના હરિભક્તોએ તેમજ મુંબઈ એરપોર્ટ પર ત્યાંના હરિભક્તોએ "કરવો પ્રચાર દુનિયા પાર..." આ ઉક્તિનું સમૂહમાં ગાન કર્યું. ત્યારે આ દૃશ્ય નિહાળનાર સૌ કોઈ ગુરુદેવ તથા ગુરુજીને વંદી રહ્યા. સૌ કોઈએ જયજયકારના નાદ સાથે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા સંતોને વિદાય આપી. કુવૈત ખાતે ૩:૩૦ કલાકના હૉલ્ટ દરમ્યાન ત્યાંના હરિભક્તો સ્પેશ્યલ પરમિશન લઈ લાભ લેવા માટે એરપોર્ટ આવી પહોંચ્યા. અહીં પણ ગુરુજીએ ખૂબ લાભ આપી સૌને મહાત્મ્યસભર કરી દીધા. તો ગુરુદેવે આશીર્વાદ આપ્યા કે, "આ દેશમાં પણ મહારાજ સારા સંજોગ

કરશે ને અહીં પણ કારણ સત્સંગના વિજય ધ્વજો લહેરાશે.'' આમ, સંકલ્પોનું ખૂબ વાવેતર કરી સૌ લંડન ખાતે તા. ૩૦-૮-૧૯૯૫ ને સાંજના ૪:૩૦ કલાકે આવી પહોંચ્યા.

લંડન એરપોર્ટ પર ઊતરતાં જ ગુરુદેવે હળવી રમૂજ કરી, ''અમદાવાદની લાલ બસોની જેમ વિમાનો છે.'' વ્હાલા ગુરુજી સહિત સાથે રહેલા સંતો-હરિભક્તોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. આ પ્રથમ વિદેશ પ્રવાસ હોવા છતાં કોઈના અંતરમાં વિદેશયાત્રાનો કેફ ન હતો. અંતરમાં તો બાપાએ તથા મોટા મોટા સદ્‌ગુરુઓએ સમજાવેલા જ્ઞાનનો પાવર હતો કે, 'નથી દેશ પરદેશ તે કાંઈ, સદા ભેળા મૂર્તિસુખ માંહી.' ઇન્ડિયાથી તા. ૨૮-૮-૧૯૯૫ના રોજ નીકળ્યા ને લંડન તા. ૩૦-૮-૧૯૯૫, ૪:૩૦ વાગ્યે પહોંચ્યા. ત્યાં સુધીમાં તેઓને ૩૦ કલાકથી પણ વધુ સમયના ઉપવાસ પડી ગયા હતા. ગુરુદેવે અને ગુરુજીએ સિદ્ધાંતોના પ્રવર્તનની સેવા માટે કદી પોતાના દેહ સામું જોયું જ નથી. લંડનના ત્રણેય હરિભક્તો પોતાના વ્હાલા ગુરુદેવ, ગુરુજી તથા પૂ. સંતોને સામે લેવા ગયા. પ્રથમ ઉતારાની સેવાનો લાભ મહેશભાઈએ લીધો હતો. જ્યારે બાકીના દિવસોની સેવાનો લાભ પામીને ધનજીભાઈ ભોજાણી કૃપાવંત બન્યા હતા.

### પંચવર્તમાન પાળવા-પળાવવાનો આગ્રહ

લંડન ખાતેના આ ૩૦ દિવસના વિચરણ દરમ્યાન લંડન, કારડ્રીફ, બર્મિંહેમ, લેસ્ટર, વિન્સલેન્ડ, બોલ્ટન વગેરે શહેરોમાં વિચરણ સહિત છ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઘેર ઘેર પધરામણી, ઉપાસના શિબિર, અંગત ગોષ્ઠિ જેવાં આયોજનો દ્વારા સત્સંગ ખૂબ વિસ્તાર પામ્યો. મહેશભાઈના ઘરે ઉતારા દરમ્યાન તેમના બંને ભાઈઓ સુરેશભાઈ અને નિશિતભાઈનું જમવાનું સંતો બનાવતા. ગુરુદેવને વિચરણ અર્થે ક્યાંય પણ જવાનું હોય તો સુરેશભાઈ કે નિશિતભાઈ આવી જતા. એ સમયે રૉલ્સરોય ગાડી સૌથી મોંઘી ગણાતી. ગુરુદેવ પધરામણી અર્થે પધારતા હતા અને કોઈના દ્વારા તેમને જાણ થઈ કે આ બહુ મોંઘી ગાડી છે તો ગુરુદેવે સુરેશભાઈને ટકોર કરી, ''અલ્યા બાબુલાલ, (ગુરુદેવ સુરેશભાઈને હુલામણા નામે બોલાવતા) અમારા સંતોથી આવી ગાડીમાં ન બેસાય. આજે તમે મને અભડાવ્યો.'' ગુરુદેવનો નિયમ પાળવાનો આગ્રહ જોઈ બાબુલાલ મહાત્મ્યસભર બન્યા.

પધરામણી દરમ્યાન બાબુલાલ તથા નિશિતભાઈનો સ્ટોર આવ્યો. ગુરુદેવે પૂછ્યું, ''અલ્યા બાબુલાલ, આમાં શું વેચો છો ?'' સુરેશભાઈએ કહ્યું, ''બાપજી, આમાં તો નૉન-વેજ, ડ્રિંક, કરિયાણું બધું વેચીએ.'' ગુરુદેવે કહ્યું, ''તો તો અમારાથી પધરામણી ન થાય. ઠાકોરજી રાજી ન થાય.'' પંચવર્તમાનની નાનામાં નાની આજ્ઞા પાળવા-પળાવવાનો આગ્રહ જાણે રીતસરનો દેખાય. તેમની જ બીજી દુકાન (કાર શો રૂમ) પર પધરામણીએ ગયા ત્યાં ગુરુદેવે રુચિ જણાવી, ''બાબુલાલ, આ ધંધામાં આગળ વધો. સ્ટોર બંધ કરી દો.'' બીજી જ મિનિટે કંઈ પણ વિચાર્યા વિના 'ભલે બાપજી, એમ જ કરીશું.' એવો જવાબ આપી બાબુલાલે ઉત્તમ શિષ્યનું ઉદાહરણ પૂરું પાડ્યું. મહારાજ ભેગા ભળ્યા. સ્ટોર વેચાઈ ગયો ને છ જ મહિનામાં બીજો કારનો શો રૂમ ચાલુ થઈ ગયો અને મહારાજે તથા ગુરુદેવે સુખિયા કરી દીધા. મોટાપુરુષ રાજી થાય તો મહારાજ રાજી થાય. કેમ કે બંને જુદા નથી. મોટાપુરુષ ભગવાન નથી પણ તેમની મહારાજ સાથેની એવી એકતા છે. આમ, આ વિચરણ દરમ્યાન ભોજાણી પરિવાર, ગોવિંદભાઈ ભૂડિયા, અરજણભાઈ હિરાણી, કરસનભાઈ ગામી આદિ હરિભક્તો ખૂબ બળને પામી ઘરધણી બન્યા.

### બાપાશ્રીના હેતવાળા સમાજને ખાંગો કર્યો

બાપાશ્રીના હેતવાળા કચ્છી હરિભક્તોનો સમાજ બહોળા પ્રમાણમાં અહીં ફેલાયેલો હતો. ઉતારાના સ્થળ પર સવારે ૪ કલાક અને સાંજે ૩ કલાક અને રાત્રે ૩ કલાક એમ એકધારો ૧૦ કલાક કથાવાર્તાનો પ્રવાહ વહેતો. આ બંને દિવ્યપુરુષો, કથાવાર્તા દરમ્યાન જ્ઞાન, સમજણ, મનુષ્યજન્મની સાર્થકતા, જીવનમાં મોટાપુરુષનું મહત્ત્વ, જગતથી લૂખા કેમ રહેવાય ? જેવા વિષયો પર લાભ આપી સૌના અંતરાત્માને પ્રભુ ભજવા માટે ઢંઢોળી નાખતા. સૌને ખૂબ સમાસ થતો. સૌને આ બંને પુરુષો પ્રત્યે અનેરું આકર્ષણ થતું. અને એટલે જ જ્યારે ગુરુદેવ-ગુરુજી અહીં પધાર્યા ત્યારે તેમને લેવા માટે માત્ર ૫-૭ હરિભક્તો ગયા હતા. પરંતુ તા. ૩૦-૯-૧૯૯૫ના રોજ ઇન્ડિયા પરત પધારવાના હતા ત્યારે ૩૦ હરિભક્તો લંડન એરપોર્ટ પર વળાવવા માટે આવ્યા હતા.

એ પછી ગુરુદેવ પ.પૂ. બાપજી ઈ.સ. ૧૯૯૬, ૧૯૯૮, ૨૦૦૦ અને ૨૦૦૮માં ક્રમાનુસારે વ્હાલા ગુરુજીને સંગે લઈ પધાર્યા હતા અને કથાવાર્તાના અખાડા ચલાવ્યા હતા. બાપાશ્રીના હેતવાળા તથા અન્ય સંસ્થાના ઘણા હરિભક્તો આ બંને પુરુષો જ્યારે લંડન પધારે ત્યારે અચૂક લાભ લેવા પધારે. ગુરુદેવના મુખેથી શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ વાતો નીકળવા માંડી. અન્વય-વ્યતિરેક સ્વરૂપની વાતો, ભગવાનના નિશ્ચયની વાતો સૌના જીવનમાં ઠસાવવા માંડી. કારણ કે સ્વામિનારાયણ ભગવાનનો પણ આ બ્રહ્માંડને વિષે પ્રગટ

થવાનો મુખ્ય હેતુ આ જ હતો. ગુરુદેવ કહેતા કે, "અમને હલકો ધંધો ફાવતો જ નથી. જેને મહારાજ ઓળખવા હોય, પામવા હોય તે આવો. હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે; હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે." સંપ્રદાયમાં અતિ દુર્લભ, આવી અતિ બળની, સાત શેર ઘીના મૈસૂબ જેવી ભારે વાતોથી ગુરુદેવ ખાંગા કરતા. બાપાના હેતવાળા હરિભક્તો તો ઝૂમી ઊઠતા, નાચવા ને કૂદવા લાગતા અને પછી વ્હાલા ગુરુજી કથા ચાલુ કરતા. જાણે પંજાબમેલ જોઈ લ્યો. અડ્યો નથી કે ઉપાડ્યો નથી. જેમ શરદપૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલે એમ ગુરુદેવે આપેલું જ્ઞાન પચાવી બળિયા થયેલા હરિભક્તોને જાણે શ્રીજીમહારાજ પોતાના અંગત અભિપ્રાયની વાત કરતા હોય તેવી અનુભૂતિ થતી. ગુરુજી દ્વારા જેવી વાતો નીકળે કે જીવમાં સોંસરી ઊતરી જાય. જેમ જેમ પ્રવાહ વધતો જાય તેમ તેમ ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજીને જોઈ રંગમાં આવતા જાય. અને આવે જ ને. કેમ ન આવે ? કારણ કે એમના બોલનારા પણ સ્વયં મહારાજ છે. અને મહારાજ બોલે તેમનો રણકાર જુદો હોય. પ્રભાવ જુદો હોય. આ તો ફિરંગીની તોપો છે. અનાદિકાળના સ્વભાવ-પ્રકૃતિ મમળાવવાથી ન તૂટે; એ તો ધડાકા કરવા પડે ત્યારે જ તૂટે ને !

કચ્છના હરિભક્તો વાતો કરતા કે સંપ્રદાયના ઘણા સાધુઓને સાંભળ્યા, નિયમ-ધર્મવાળા સંતોને પણ સાંભળ્યા પરંતુ આવી ચોંટદાર, વર્તનવાળી, સાંભળનારને માયાથી ખોખરા કરી નાખે તેવી વાણી તો સત્‌સ્વામીની જ હોં ! સ્વામી કેવી વાતો કરે છે ! નવા હોય કે જૂના હોય, ગમે તે સંપ્રદાયના હોય કે અન્ય હેતવાળા હોય, સ્વામીની (ગુરુજીની) વાતો સાંભળી તટસ્થ થઈ જાય. હળવાફૂલ થઈ જાય. ગમે તેવા વિરોધી હોય પણ સ્વામીની વાતો સાંભળે તો તેના વિરોધ સમી જાય. વર્ષોથી બાપાની આવી વાતો સાંભળવા જેમના કર્ણપટલ તલસી ગયા હતા તેઓ આજે આ દિવ્યપુરુષની બેલડી દ્વારા પાછા 'કારણ સત્સંગના ખોળામાં બેઠા છીએ'ની લાગણી અનુભવી મૂર્તિસુખની યાત્રાના યાત્રિક બન્યા.

### ગુરુદેવ-ગુરુજીએ વેઠેલા દાખડા

ઈ.સ. ૧૯૯૮ના વિચરણ દરમ્યાન ગુરુદેવને મોતિયાનું ઑપરેશન કરાવેલું. ચાર દિવસથી જમાડી શકાયું ન હતું. અને ફ્લાઈટમાં બેઠા પછી એક ઉપવાસ વધારે કરવાનો હતો. ફ્લાઈટમાં ગુરુદેવને દર કલાકે આંખમાં ટીપાં નાખવાની સેવાનો લાભ પૂ. પૂર્ણસ્વામી લેતા. આ પરિસ્થિતિમાં લંડનના બધા હરિભક્તોએ ના પાડી, "બાપજી, આપ આરામ કરો. અમે કાલે લાભ લેવા આવીશું." ગુરુદેવે કહ્યું, "અમે અહીં આરામ કરવા નથી આવ્યા. કથાવાર્તા તો અમારો ખોરાક છે." આમ કહી આ પરિસ્થિતિમાં પણ ત્રણ કલાક કથાવાર્તાનો લાભ આપી સુખિયા કર્યા.

ઈ.સ. ૧૯૯૬માં વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત વિચરણ દરમ્યાન પણ અમેરિકાથી ઈન્ડિયા ખાતે ૧૮૫૦ અને લંડનથી અમેરિકા ૪૫૦ જેટલી ટપાલો લખી હરિભક્તોને બળિયા કર્યા હતા. ટપાલો લખવાની સત્સંગ પ્રવૃત્તિ તો રાત્રિના ૧૧ વાગ્યા પછી ચાલુ થાય. ધન્ય હો આવા દિવ્યપુરુષને ! ઈ.સ. ૨૦૧૪માં વ્હાલા ગુરુજી સંગે પૂ. સરળસ્વામીને વિચરણમાં આવવાનો લાભ મળ્યો હતો. પૂ. સરળસ્વામીની તબિયત બહુ ખરાબ હતી. બે જ સંતો હોવાથી આટલા વ્યસ્ત વિચરણના શિડ્યૂલની વચ્ચે પણ ગુરુજી સત્સંગ સભા, અંગત ગોષ્ઠિની સાથે મા જેવા બની સ્વામીની તથા ઠાકોરજીના થાળ બનાવવાની સેવા કરતા. આ જોઈ પૂ. સરળસ્વામીના હૈયે ઘણું દુઃખ થતું. છતાંય વ્હાલા ગુરુજી હસતા મુખે તમામ સેવા પૂર્ણ કરતા. આ કાર્ય કોઈ સામાન્ય વ્યક્તિ ન કરી શકે. નક્કી કોઈ દેહાતીત, ઓલિયાપુરુષ જ કરી શકે. લંડનના સૌ હરિભક્તોએ તેઓના જીવનકાળ દરમ્યાન આવા સાચા સિદ્ધાંતવાદી, નિયમ-ધર્મના આગ્રહી સંતોને પ્રથમ વાર જોયા હતા. અને એટલે જ તેમના દ્વારા વ્યસન મૂકી, નિષ્ઠા દૃઢ કરી સાચા અર્થમાં સત્સંગ કર્યાની લાગણી અનુભવતા. આ સૌ હરિભક્તોએ પોતાના જીવનમાં આ દિવ્યપુરુષોની બેલડીને અદકેરું સ્થાન આપ્યું.





**હરિભક્તોનાં સંસ્મરણો**

**વાલજીભાઈ જેસાણી :** આટલા વ્યસ્ત વિચરણમાં પણ ગુરુજી અમને એક એકને અંગત બેસાડતા. અમારા અંગત જીવનમાં રસ લઈ આવી રંગીલી દુનિયામાં સત્સંગ કેવી રીતે ટકાવવો ? તેનું પ્રૅક્ટિકલ માર્ગદર્શન આપતા ને અમારી અધ્યાત્મ દુનિયાના ભોમિયા બની રહેતા. પરિણામે આ વિષયમયી વાતાવરણની વચ્ચે પણ અમને સત્સંગ ટકાવી રાખવાનું બળ મળતું.

**દેવશીભાઈ ભોજાણી :** ગુરુદેવ અને ગુરુજીના એ ૩૦ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન ખૂબ નિકટથી આ પુરુષોને સેવ્યા. ઉછેર તો કારણ સત્સંગમાં જ થયો હતો પણ આ સાંનિધ્ય-સમાગમથી બહુ સુખ આવ્યું. એવું લાગ્યું કે જે શોધતા હતા તે મળી ગયું. આ બંને પુરુષોએ દિવ્યભાવનો માહોલ પ્રગટાવ્યો ને સૌને સુખિયા કર્યા.

**સુરેશભાઈ પટેલ :** મારા મુક્તરાજ દર્શનને બ્રેઇન હેમરેજ થયું હતું. ગુરુદેવને આ વાતની ખબર પડી ત્યારે આશીર્વાદ આપ્યા, "એ મહારાજનો આપેલો છે. ચિંતા ન કરશો. બીજો જન્મ લઈને પાછો આવશે. એને કાંઈ નહિ થાય." આ તો આ લોકની વાત હતી. પણ આ દિવ્યપુરુષોએ અમને કેવા નિકટ ખેંચી લીધા. આ ખોળો આપી દીધો. આ વિચાર કરીએ ત્યારે હૈયું ભરાઈ જાય છે.

**ચંદ્રકાન્તભાઈ ચોથાણી :** હું જ્યારે ગુરુદેવનાં દર્શને જઉં એટલે બાપજી મને કહે, "તું બહુ નિર્દોષ છે." મારામાં હજારો દોષો હતા. પણ એ પુરુષ સાથે જીવ જોડ્યો ને મને નિર્દોષ કરી નાખ્યો. ગુરુજી પણ આજે એમના જ સંકલ્પે લાડ લડાવી સુખિયો કરે છે.

**ભીમજીભાઈ સવાણી :** ગુરુદેવે મને પૂછ્યું, "ચા પીવો છો ?" મેં હા કહ્યું. ગુરુદેવે પૂછ્યું, "કૉફી પીવો છો ?" મેં કહ્યું, "Sometime, Sometime." આ સાંભળી ગુરુદેવ નિખાલસભાવે હસ્યા ને મારું વ્યસન ટળાવી દીધું. આજે પણ ગુરુદેવને Sometime શબ્દ બોલતા હોય તેવા નિહાળું ત્યારે ગુરુદેવનું નિખાલસ હાસ્ય મને અંતરથી શાતા આપે છે. બાપજી મને કહેતા, "તમારા ઘરના સત્સંગમાં બહુ આગળ વધશે." એ ન્યાયે આજે આખો પરિવાર પાકો બની ગયો.

આવા તો ઘણા હરિભકતો છે. જેમને આવા કંઈક અનુભવો થયા. જેમાંથી આપણે કિંચિત્ માણ્યા. આ બંને દિવ્યપુરુષોના વિચરણથી અનેક મુમુક્ષુઓ ખેંચાયા. હવે મંદિર માટેની જરૂર જણાવા લાગી.

**જમીન સંપાદન**

જ્યારે આપણો સમાજ બહુ નાનો હતો ત્યારે ગુરુદેવે લંડનના મુક્તોને જણાવ્યું, ''તમે જગ્યા જોવાનું શરૂ કરો. લંડનમાં મંદિર કરવાનું છે.'' વડીલ મુક્તોએ કહ્યું, ''બાપજી, આંગળીના વેઢે ગણાય એટલો સમાજ છે. મંદિર કરીશું તો ત્યાં આવશે કોણ ? સાંભળશે કોણ ? સેવા કરશે કોણ ?'' એવા અનેક પ્રશ્નોની વણઝાર થંભાવી ગુરુદેવે કહ્યું, ''ચિંતા ન કરશો. ઇન્ડિયાથી હરિભક્તો આવશે. મહારાજનો સંકલ્પ છે તો એ કરશે, તમે જગ્યા જોવાનું શરૂ કરો.'' ઈ.સ. ૨૦૦૪માં ગુરુજી જર્સીસિટી ખાતે પધારી રહ્યા હતા ત્યારે લંડન હૉલ્ટ કરીને જવાના હતા. આ દરમ્યાન ૮થી ૧૦ જગ્યા જોઈ. અને એક જગ્યા પસંદ પડી. ગુરુજીએ ગુરુદેવને ફોન કરીને આ જગ્યા અંગે જણાવ્યું. ત્યારે ગુરુદેવે જણાવ્યું, ''મહારાજનો સંકલ્પ પૂરો કરવા આ જગ્યા યોગ્ય છે.'' આમ, ઈ.સ. ૨૦૦૪માં જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થઈ. ગુરુદેવના સંકલ્પ મુજબ ઈ.સ. ૨૦૦૪ પછી અહીં ઇન્ડિયાથી સ્ટુડન્ટ્સ આવ્યા. હરિભક્તોની સંખ્યા વધી અને મંદિર બનાવવાના સંકલ્પને વેગ મળ્યો.

**કપરા સંજોગોમાં સત્સંગ**

મહારાજની કૃપાથી જગ્યા તો લેવાઈ ગઈ. પરંતુ આ જગ્યા પર જૂનું વેરહાઉસ હોવાથી મંદિરને લાયક યોગ્ય સગવડ ન હતી. ઈ.સ. ૨૦૦૬માં અહીં બે માળનું મંદિર બનાવવા માટેની ઍપ્લિકેશન કરવામાં આવી. પરંતુ ઇન્ડસ્ટ્રિયલ ઝોન હોવાથી પરમિશન ન મળી. આથી લંડનનો સમાજ થોડો દુઃખી થયો. ગુરુદેવ અને ગુરુજીએ સૌને મહારાજની મરજી અને કર્તાપણું દૃઢ કરાવતાં કહ્યું કે, ''મહારાજ જે કરે તે સારા માટે જ હોય.'' ઈ.સ. ૨૦૦૪ પછી મંદિરની જગ્યા પર અઠવાડિક સભા શરૂ થઈ ગઈ હતી. વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોના ઉતારાની સેવાનો લાભ વારાફરતી દરેક મુક્તોને મળતો. ઈ.સ. ૨૦૧૫માં મંદિરની સામેની જગ્યામાં પાંચ માળનો ફ્લેટ બન્યો. ઈ.સ. ૨૦૧૬માં આપણે ફરી પ્લાનિંગની ઍપ્લિકેશન કરી. ગુરુદેવ અને ગુરુજીએ ઈ.સ. ૨૦૦૬માં આપેલા આશીર્વાદ મુજબ મહારાજ જે કરતા હોય તે સારા માટે એ ન્યાયે એક બેઝમૅન્ટ સાથે પાંચ માળ બાંધી શકાશે તેવી પરમિશન મળી ગઈ. સૌ રાજી રાજી થઈ ગયા. યુ.કે. ખાતે સૌપ્રથમ વાર આવું પાંચ માળનું ઊંચું મંદિર બાંધવાની પરમિશન મળતાં સત્સંગ સમાજમાં જાણે નવું જોમ આવી ગયું.

**શિલાન્યાસ સમારોહ**

ઈ.સ. ૨૦૧૭માં ગુરુદેવની તબિયત નાદુરસ્ત જણાતાં તેઓના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપી તા. ૧૮-૮-૨૦૧૭ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુદેવની ઉપસ્થિતિમાં લંડન ખાતે નિર્માણ પામનાર નૂતન મંદિરની શિલાઓનું પૂજન કરાવ્યું હતું. પ્રાસાદિક શિલા સાથે તા. ૩-૯-૨૦૧૭ના રોજ ક્વીન્સબરી



આત્મ-નિરીક્ષણ એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે.

ખાતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં ભવ્ય શિલાન્યાસ સમારોહ ઊજવાયો. આજના પ્રસંગે ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, “જેમ ગઢપુરમાં મંદિર બનાવવા સમયે મહારાજે કોલ આપ્યો હતો કે આ મંદિરના પાયામાં જે એક શેર પથ્થર નાખશે તેની એક પેઢીનું કલ્યાણ. તેમ હે મહારાજ, આજે એ જ આપનું મંદિર બનવા જઈ રહ્યું છે ત્યારે આ લંડન મંદિરના પાયામાં જે એક ઈંટની સેવા લખાવે તેની એક પેઢીનું કલ્યાણ કરજો.” ઉપસ્થિત હરિભક્તોએ ગુરુદેવના આશીર્વાદ તથા ગુરુજીના આશીર્વાદને પણ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

આજના પ્રસંગે ગુરુજીએ આપેલા આશીર્વાદ મુજબ ૧૨૦૦થી વધુ યજમાન મુક્તોને વ્યક્તિગત શિલા પૂજન માટે આપવામાં આવી હતી. તે તમામ શિલાઓને ગુરુદેવ તથા ગુરુજીએ કરેલ પ્રાસાદિક શિલા સાથે ગર્ભગૃહની નીચે પધરાવવામાં આવી હતી. તા. ૨૧-૩-૨૦૧૯ના રોજ આ શિલાઓ પધરાવી ત્યારે ઇન્ડિયાથી આ બંને દિવ્યપુરુષોએ વિડિયો કોલ દ્વારા દિવ્ય આશીર્વાદ વરસાવી ખૂબ રાજીપો વરસાવ્યો હતો. અને આમ, મંદિરના નિર્માણકાર્યની સેવાનો આરંભ થયો.

### હરિભક્તોનાં ભોગ–સમર્પણ અને મંદિર નિર્માણ

આ બંને પુરુષોની આજ્ઞાથી હરિભક્તો તન-મન-ધનથી સત્સંગ પ્રચાર-પ્રસારની સેવામાં જોડાઈ ગયા હતા. નિયમિત અઠવાડિક સભા થતી. સત્સંગ સમાજ નવો હતો. કોઈને પોતાનાં ઘર ન હતાં. બધા સ્ટ્રગલ કરી રહ્યા હતા. એવા સમયમાં તનની સેવાનો આગ્રહ વધારે હતો. જે હરિભક્તો સુખી હતા તેમણે પોતાનાં ઘર ખુલ્લાં મૂકી દીધાં. વારાફરતી કોઈ સભાનો તો કોઈ રસોડાની સેવાનો લાભ લેતા. સત્સંગ સમાજ ખૂબ વધતો ગયો. ગુરુદેવ પ.પૂ. બાપજી જલદી મહારાજને બિરાજમાન કરવાનો આગ્રહ જણાવી રહ્યા હતા. મંદિર માટેની જગ્યા ઉપર પણ સભા તો થતી જ. પરંતુ, નિર્માણકાર્ય શરૂ થવાનું હોઈ રસોડું વાલજીભાઈના ઘરે શિફ્ટ કરવામાં આવ્યું. ઘણી અગવડ હતી છતાં મારું મંદિર તૈયાર થઈ રહ્યું છે એવો સૌના મુખે ભાવ દેખાય. એ સમયે એટલું ફંડ હતું નહીં. એવામાં કૉવિડ-૧૯ આવ્યો. વાલજીભાઈની તબિયત બહુ સિરિયસ હતી. આ સમયે પણ તેઓ પથારીમાં હોવા છતાં મંદિરનું કામ કેટલે પહોંચ્યું તેની ચિંતા રાખતા. ડૉક્ટરે સંપૂર્ણ આરામ કરવા જણાવ્યું હતું. પરંતુ તેઓ ત્રણ જ અઠવાડિયામાં ઊભા થઈ સેવામાં આવી ગયા. મંદિરમાં તેઓ કન્સ્ટ્રક્શન ટીમના હેડ હતા. અને વાલજીભાઈ એટલે લંડનના સત્સંગ સમાજનું એન્જિન. બધા કિશોરો નોકરી પતાવી ૭-૭:૩૦ પછી મંદિરે પહોંચી જતા. ગુરુદેવ પોતે પણ અવારનવાર વિડિયો કૉલ કરી નિરીક્ષણ કરતા, માર્ગદર્શન આપતા અને રાજીપો વરસાવતા. મંદિર નિર્માણકાર્યમાં મિસ્ત્રીકામ, ફાઈબર વર્ક, ફેબ્રિકેશન વર્ક વગેરે તમામ સેવાઓ વાલજીભાઈના માર્ગદર્શન હેઠળ થતી. કિશોરો-યુવકોએ ઘણાં ભોગ-સમર્પણ આપ્યાં. સેવામાં આવનાર સૌ હરિભક્તો માટે મહિલા હરિભક્તો રસોઈ બનાવી, ઠાકોરજી જમાડવાની સેવાનો લાભ લઈ રાજીપાને પાત્ર બન્યાં હતાં. ૨૫,૦૦૦ કલાકથી પણ વધુ સમયની સેવા કરી સૌ મુક્તોએ ઘરધણી તરીકેની ફરજ નિભાવી. કૉવિડ દરમ્યાન ફંડ રેઇઝિંગના પ્રૉજેક્ટ કરવામાં આવ્યા. જેમાં બ્રિક્સ પ્રૉજેક્ટ (ઈંટોની સેવા), મહિલાઓ દ્વારા ફૂડ સર્વિંગ પ્રૉજેક્ટ અને ડોર ટુ ડોર ડોનેશન કલેક્ટ કરવા જેવા પ્રૉજેક્ટ કર્યા. ઘણા કિશોરોને-હરિભક્તોને સંકોચ થતો કે માગવા જવાય ? ત્યારે ગુરુજીએ કહ્યું હતું, “જજો, જે પોતાનું ઘર ખોલશે એના અક્ષરધામના દરવાજા મહારાજ ખુલ્લા કરી દેશે.” આમ, સૌને બળ આપ્યું. મંદિરની જગ્યા પર રહેલો સામાન સૌએ પોતપોતાના ઘરોમાં સેટ કરી દીધો જેથી રેન્ટ ન આપવું પડે. નાનાં બાળકો પણ રસ્તે જતા લોકોને દંડવત કરીને સમજાવે અને ડોનેશનની સેવા લઈ આવે જે બદલ ગુરુજી ખૂબ રાજી થયા. એકસાથે થયેલા હોલા-ઉઠાવથી મંદિર નિર્માણકાર્ય પૂરું થયું. અને સૌ પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીમાં જોડાઈ ગયા.

### પૂર્વ તૈયારી

ગત વર્ષે પ્રતિષ્ઠા ઉત્સવની તારીખો જાહેર થતાં જ સૌની આંખમાં હરખનાં આંસુ આવી ગયાં. આબાલવૃદ્ધ સૌ કોઈમાં એક નવા જોમનો, નવી ચેતનાનો સંચાર થયો કારણ કે મહારાજ અને ગુરુદેવનો સંકલ્પ સાકાર થવાનો હતો. લંડન સેન્ટરની સેવાનો લાભ મળ્યો તેવા પૂ. અદ્ભુતસ્વામી તથા પૂ. સુખસ્વામી પ્રતિષ્ઠાના એક મહિના પહેલાં, પૂ. નિયમસ્વામી તથા પૂ. વંદનસ્વામી ૧૫ દિવસ પહેલાં તથા પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામી સહિત અન્ય ચાર સંતો ૭ દિવસ પહેલાં પધારી ગયા હતા. પૂ. સંતોએ ઘેર ઘેર ૨૫૦થી વધુ પધરામણી કરી મહોત્સવમાં પધારવા માટેનું નિમંત્રણ આપ્યું. સૌ કોઈ નિમંત્રણ સ્વીકારી ગદ્ગદિત થઈ રાજી થતા. પ્રતિષ્ઠાના ભાગ રૂપે એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિર, લંડન આયોજિત સામજિક પ્રવૃત્તિના ભાગ રૂપે બ્લડ કેન્સર માટે ચેરિટી કરતી સંસ્થા DKMS દ્વારા એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૫ હરિભક્તોએ પોતાના ટેસ્ટ કરાવી ભવિષ્યમાં






કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે બ્લડ આપવા માટે સહમતી દર્શાવી હતી. જે બદલ DKMS તરફથી આભાર માનવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેર ટેકરમાં રહેતા વૃદ્ધોની સેવા માટે પૂ. સંતો, હરિભક્તો તેમજ પૂ. મહિલા ત્યાગીમુક્તો અને હરિભક્તોએ ૧૦૦થી વધુ વડીલોને ફ્રૂટ કિટ અર્પણ કરી મહાપ્રભુના ચરણે પ્રાર્થના અર્પિત કરી હતી. વળી, સમસ્ત લંડન સત્સંગ સમાજે પ્રતિષ્ઠાના ભાગ રૂપે મહારાજ તથા ગુરુજીને રાજી કરવા માટે સ્મરણ માસ, ભક્તિ માસ, તપ-ત્યાગ માસ તથા મહિમા માસની ઉજવણી કરી હતી.

સ્મરણ માસ દરમ્યાન ૨૫,૦૦,૦૦૦થી વધુ સ્વામિનારાયણ મહામંત્રનું લેખન, ૭૫૦૦ નિર્વિકલ્પ માળા, ૧,૨૫,૦૦૦થી વધુ મંત્ર કાઉન્ટર દ્વારા મહામંત્રના જાપ તેમજ ૨૦૦થી પણ વધુ પુરુષ-મહિલા હરિભક્તો દ્વારા ૨૫ કલાકની અખંડ ધૂનનું આયોજન થયું. ભક્તિ માસ ઉપક્રમે ૨૫ હરિભક્તો દ્વારા ૨૫ કલાકની એકાંત કુટિર, ૨૫૦ વચનામૃતની અને ૨૫૦ બાપાશ્રીની વાતોની પારિવારિક પારાયણો અને જ્ઞાન-ધ્યાન ચિંતનનો નિયમિત લાભ લેવો જેવાં આયોજનો થયાં.

તપ-ત્યાગ માસ દરમ્યાન પુરુષ અને મહિલા હરિભક્તો દ્વારા ૬૨૫થી વધુ એકટાણાં અને ૫૦૦૦ કલાકના નકોરડા ઉપવાસ શ્રીજી પ્રસન્નતાર્થે કરવામાં આવ્યા. મહિમા માસ દરમ્યાન સંતો-હરિભક્તોના ગુણાનુવાદ ગાન, ગુણાનુવાદ લેખન તથા પ્રતિષ્ઠાનું રૂબરૂ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમ પ્રતિષ્ઠાના દિવસો નજીક આવતા જતા એમ સૌ કોઈમાં થનગનાટ વધુ જામતો જતો.

**પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન**

છેલ્લા બે-અઢી મહિનાથી હરિભક્તો નોકરી-ધંધા પરથી આવી મોડી રાત સુધી સેવા કરી રાજીપો મળ્યાનો આનંદ પામતા. પ્રતિષ્ઠાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હતા. અંતે જેમના આગમનની રાહ જોવાતી હતી તે ઘડી આવી ગઈ. તા. ૨૪-૭-૨૦૨૫ના રોજ સાયંકાળે ૪ઃ૩૦ વાગ્યાના સુમારે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું લંડનની ધન્ય ધરા પર આગમન થયું. ઢોલ-નગારાં, તાસાં વગાડી સૌ કોઈએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીને નૃત્યાંજલિ અર્પણ કરી હતી. આજરોજ ગુરુજી સંગે અન્ય બે સંતો સહિત કુલ ૨૩ સંતો આ પ્રતિષ્ઠા ઉત્સવમાં એકસાથે લાભ લેવાને અર્થે પધાર્યા હતા. આજરોજ વ્હાલા ગુરુજીએ મંદિરના દરવાજા પર કુંકુમ પૂજન કરી, શ્રીફળ વધેરી, રિબન કાપી મંદિરનાં દ્વાર જાહેર જનતા માટે ખુલ્લાં મૂક્યાં હતાં. રાત્રિ સેશનમાં વ્હાલા ગુરુજીએ વિચરણનો થાક, ઉપવાસ હોવા છતાં ઉપસ્થિત મુક્તોને દોઢ કલાક સુધી લાભ આપી સુખિયા કર્યા હતા.

**રાજીપાદર્શન**

તા. ૨૫-૭-૨૦૨૫ના રોજ વ્હાલા ગુરુજીએ પ્રાતઃ સભામાં લાભ આપ્યા બાદ સાયંકાળે JFS સ્કૂલ ખાતે કથાવાર્તાનો લાભ આપી સુખિયા કર્યા હતા. મહોત્સવ ઉપક્રમે ત્રિ-દિનાત્મક વચનામૃત પારાયણનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અહીં વ્હાલા ગુરુજીએ યજમાન મુક્તોની હાજરીમાં 'દાદાખાચરનો દરબાર ગઢ' સ્પૉટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. કીર્તનભક્તિ પૂર્ણ થયા બાદ પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાના વડીલ સંત પૂ. પૂર્ણસ્વામીએ લાભ આપ્યો હતો. હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજી વ્યાસપીઠ પર બિરાજમાન થયા બાદ પૂ. સંતો તથા યજમાન મુક્તોએ ઠાકોરજી તથા ગુરુજીના પૂજનનો લાભ લીધો હતો. ગુરુજી વચનામૃતનો લાભ આપતા ત્યારે તેમનામાં સૌ કોઈને વ્હાલા ગુરુદેવનાં દર્શન કર્યાની સ્મૃતિ તાજી થતી. આ મહોત્સવમાં નાની-મોટી તન, મન, ધનથી કોઈ પણ સેવાનો લાભ લેનાર મુક્તોને ગુરુજીનો રાજીપો પ્રાપ્ત થયો હતો. હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તથા રાજીપો પામી સૌ કૃતાર્થ બન્યા.





### સ્વામિનારાયણ મહાયાગ તથા સમૂહ મહાપૂજા

તા. ૨૬-૭-૨૦૨૫ના રોજ સવારે ૮થી ૧૦ દરમ્યાન સ્વામિનારાયણ મહાયાગ તથા સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજીએ શ્રીફળની આહુતિ આપી મહારાજને પ્રાર્થના કરી મહાયાગનું ફળ પ્રદાન કર્યું હતું. આ પ્રસંગે ૮ યજ્ઞકુંડ ઉપર ૨૪ યુગલોએ મહાયાગનો તથા ૨૦૦થી વધુ યુગલોએ મહાપૂજાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### અભિષેક મહારાજની રજત તુલા તથા પ્રતિષ્ઠા

આજરોજ લંડન ખાતે સૌના મનોરથ પૂરા કરવા અભિષેક મહારાજ બિરાજમાન થવાના હોવાથી સૌના હૈયે આનંદનો પાર ન હતો. એ ન્યાયે સૌનાય કાલાવાલા સ્વીકારી અભિષેક મહારાજ રજત તુલા માટે તુલાને વિષે બિરાજ્યા. મહાપ્રભુને પ્રાર્થના કર્યા બાદ ગુરુજીએ રજત તુલાનો આરંભ કરાવ્યો. સૌ યજમાન મુક્તો આ દિવ્ય લાભ પામી કૃતાર્થ બન્યા. રજત તુલા બાદ અભિષેક ખંડમાં વ્હાલા ગુરુજી દ્વારા અભિષેક મહારાજને પ્રતિષ્ઠિત કરવા માટે આહ્‌વાન કરવામાં આવ્યું. તે પૂર્વે અહીં અભિષેક મહારાજને બિરાજમાન કરવાનો હેતુ સમજાવ્યો હતો. કારણ સત્સંગ નિષ્કામ ભક્તિનો સત્સંગ છે. મહારાજને નિષ્કામ ભક્તો ખૂબ પ્રિય છે. પરંતુ અવરભાવમાં કદાચ કોઈ પ્રસંગ બને કે જેના કારણે બધું અટકી જાય એવા સમયમાં પણ આપણા આશરામાં ડગમગાટ ન થાય તેવા હેતુથી અભિષેક મહારાજ બિરાજી રહ્યા છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ સૌપ્રથમ વ્હાલા ગુરુજીએ અભિષેક મહારાજને પ્રાર્થના કરી કંઠમાંથી હાર લઈ ચંદનથી ભાલને વિષે પૂજન કરી અભિષેક કરવાને અર્થે બિરાજમાન કર્યા. ગુરુજીએ મહાપ્રભુનો શુદ્ધ જળ, પય, પંચામૃત, કેસર જળ, ચંદન જળ તેમજ ગુલાબ જળથી ક્રમાનુસારે અભિષેક કર્યો હતો. ગુરુજી સાથે સૌ પૂ. સંતો તથા આ મહારાજની સેવા કરવાના છે તેવા પૂજારીમુક્તોને પણ આ દિવ્ય લાભ પ્રાપ્ત થયો હતો. યજમાન મુક્તોએ ઉપચાર અર્પણ કરવાનો લાભ લીધા બાદ અંતમાં વ્હાલા ગુરુજીએ મહારાજને ચંદન ચર્ચી, આરતી-દંડવત કરી, પુષ્પાભિષેકનો લાભ લઈ પ્રાર્થના કરી કે, “હે મહારાજ, સૌના મનોરથ પૂરા કરજો. આપ દયાળુ મૂર્તિ છો. કોઈને ઓશિયાળા ન કરતા. બધાયના કાલાવાલા સ્વીકારી કામ પૂર્ણ કરી બધાયને ખૂબ ખેંચજો.” આજના પ્રસંગે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, “હે મહારાજ, જે આપના અભિષેકનો સંકલ્પ કરશે તેનું આ લોકમાં ને પરલોકમાં પૂરું કરજો. ગમે તેવી વિકટ પરિસ્થિતિ હશે પણ આ મહારાજનાં દર્શન કરશે, અભિષેક કરાવશે, મહારાજની વરમાળા પહેરશે તેનાં તમામ દુઃખો મહારાજ દૂર કરશે.” આજરોજ બહારગામથી પધારેલા હરિભક્તોએ અભિષેક મહારાજનો અભિષેક કરવાનો પ્રથમ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આમ, અભિષેક મહારાજ ધામધૂમથી લંડનને વિષે સૌને લાડ લડાવવા બિરાજમાન થયા. ત્યારબાદ સૌ મુક્તો મહાપ્રસાદ લઈ નગરયાત્રામાં જવા તૈયાર થયા.










## છાબયાત્રા તથા નગરયાત્રા

મહાપ્રસાદ લઈ સૌ મુક્તો નગરયાત્રા માટે ક્વીન્સબરી ટ્યૂબસ્ટેશન પાસે એકત્રિત થયા. આજના દિવસે ત્રણ યજમાનોના ઘરેથી પૂ. નિર્ગુણસ્વામી, પૂ. પૂર્ણસ્વામી તથા પૂ. નિર્માનસ્વામીએ ઠાકોરજીની આરતી કરી ત્રણેય છાબયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીનું નગરયાત્રામાં પધારવા માટે આગમન થયું. નૃત્ય કરતા



મુક્તો, બૅન્ડ ટીમ, ત્રણ સ્પૉટ, ઘોડાગાડી, સુશોભિત રિક્ષા, સુશોભિત સાઈકલ અને ૧૪૦૦થી વધુ પરંપરાગત વસ્ત્રો પહેરેલા મુક્તો સાથે નગરયાત્રા શરૂ થઈ ત્યારે લંડનના રાજમાર્ગો પર ભારતની સંસ્કૃતિ સજીવન થઈ. જેને જોવા માટે સૌ કોઈ બે ઘડી થંભી જતા. ક્વીન્સબરીના મેયર પણ તેઓની પરંપરાગત વેશભૂષામાં હાથમાં છાબ લઈ નગરયાત્રામાં જોડાઈ જતાં સૌ કોઈ રાજી થયા હતા. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજી મયૂરરથ પર બિરાજી અભયદાનની વર્ષા કરતા થકા સંકલ્પોના વાવેતર કરી રહ્યા હતા. કોઈ ગાડી ચલાવતા થકા, તો કોઈ ફ્લેટની બાલ્કનીમાંથી, તો કોઈ ડબલ ડેકર બસમાંથી હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીને બે હસ્ત જોડી નતમસ્તક થતા ને અભયદાન પામતા. વ્હાલા ગુરુજી પણ મનોમન મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા, "હે મહારાજ ! આજે જે કોઈ આપને સાચા ભાવે બે હાથ જોડી દર્શન કરે એનું પૂરું કરી, આ ને આ જન્મે મૂર્તિસુખનો વારસો આપી છેલ્લો જન્મ કરજો."









### હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલા

સમસ્ત લંડન શહેરના રાજમાર્ગો પર જયજયકારના નાદ કરતાં કરતાં નગરયાત્રા JFS સ્કૂલ ખાતે પરત ફરી. આજરોજ વ્હાલા ગુરુજીએ મયૂરરથ પરથી નીચે ઊતરી ઘોડાગાડીમાં બિરાજિત ઘનશ્યામ મહારાજને ચમર ઢોળવાની સેવાનો લાભ લીધો. અહીં ગુરુજી સાથે સૌ મુક્તોએ રાસનો લાભ લીધો હતો. ત્યારબાદ કથાવાર્તાનો લાભ પૂર્ણ થયા બાદ સુવર્ણ તુલા માટે હરિકૃષ્ણ મહારાજ સૌના મનોરથ પૂર્ણ કરવા તુલાને વિષે બિરાજ્યા. ગુરુજી તેમજ સંતોએ પુષ્પછડી મૂકીને તેમજ યજમાનોએ સુવર્ણ મૂકી હરિકૃષ્ણ મહારાજની દિવ્ય સુવર્ણ તુલાનો લાભ લીધો. આ જ રીતે મહિલા વિભાગમાં મહિલાઓને પણ આ દિવ્ય સુવર્ણ તુલાનો લાભ મળ્યો હતો.

### દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તા. ૨૭-૭-૨૦૨૫ ને રવિવારના રોજ મુખ્ય દિન કહેતાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું આયોજન થયું હતું. આજે પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ ઘનશ્યામ મહારાજ સૌને સુખિયા કરવા પધારી રહ્યા હોઈ સૌ મુક્તો વહેલી સવારથી જ ઉત્સાહી બન્યા હતા. કીર્તનભક્તિ પૂર્ણ થયા બાદ પૂ. નિર્ગુણસ્વામીએ સ્વામિનારાયણ ભગવાન તથા સદ્‌ગુરુશ્રીઓને મહાપૂજામાં પધારવા માટે આહ્‌વાન કર્યું. પૂ. સંતોએ પરિસરમાં ઉપસ્થિત સૌ કોઈના હસ્તમાં કંકણદોરો (નાડાછડી) બાંધી આપ્યો. મહાપૂજા વિધિનો આરંભ થયો. જેમાં ગુરુજી સહિત સૌ યજમાન મુક્તોએ અક્ષત અર્પણ કરી ઠાકોરજીને વધાવ્યા. ત્યારબાદ સૌ મુક્તો ગુરુજી સંગે પ્રાર્થનામાં જોડાયા. વ્હાલા ગુરુજીએ મહાપ્રભુ તેમજ મુક્ત મંડળને આજે અહીં બિરાજમાન થવા માટે ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી રીઝવ્યા. તેમજ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિઓનું ચંદનથી પૂજન, ભેટણ લીલા, આરતી, પુષ્પવૃષ્ટિ કરીને પ્રતિષ્ઠા ઉત્સવનો આરંભ કરાવ્યો. પૂ. સંતોએ સૌ યજમાન મુક્તો વતી સિંહાસનમાં તેમજ યજમાન મુક્તોએ પ્રતીક મૂર્તિ રૂપે બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુ પાસે ઉપચાર અર્પણ કરવાનો લાભ લીધો હતો. દિવ્ય નવલા શણગાર પૂર્ણ થયા બાદ ઠાકોરજીને છત્ર ધારણ કરાવ્યા બાદ ગુરુજીએ મહાપ્રભુને ચમર ઢોળવાની સેવાનો લાભ લઈ દાસત્વની ફરજ અદા કરી. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ કારણ સત્સંગના પ્રવર્તન સમી વિજયપતાકાઓને લંડનના ગગનમાં લહેરાવવા માટે કુંકુમના ચાંદલા કર્યા. પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતાર્યા બાદ સૌ મુક્તો પ્રતિષ્ઠા ઉત્સવ સભામાં જોડાયા.

### પ્રતિષ્ઠા ઉત્સવ સભા

આજરોજ વ્હાલા ગુરુજી ગુરુદેવને યાદ કરી ગળગળા બન્યા હતા. ગુરુજીએ કહ્યું, “આજે ગુરુદેવ અવરભાવમાં હયાત નથી તેનું અંતરે દુઃખ છે. પણ આજે ગુરુદેવનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. એમના ઋણમાંથી મુક્ત થવાનો કંઈક અંશે આનંદ છે. જુઓ, આજે ગુરુદેવ સિંહાસનમાં બિરાજમાન થઈ ગયા.”





ગુરુજીએ કહ્યું, ''બાપજી લંડનનું મંદિર જલદી તૈયાર થાય તે માટે ખૂબ આગ્રહ જણાવતા. બાપજી વિડિયો કૉલ કરીને વારે વારે કામ કેટલે પહોંચ્યું તેની નોંધ લેતા. બાપજી કહેતા, 'ઑપરેશન જનરલ વૉર્ડમાં ન થાય; ઑપરેશન થિયેટરમાં જ થાય.' આજે આ લંડન ખાતે ઑપરેશન થિયેટર ખોલ્યું છે. તેમાં બધાય આવજો. અહીં કોઈ સંસ્થા કે નાત-જાતનો વાડો નથી. આ તો સ્વામિનારાયણનું મંદિર છે. જેટલા સ્વામિનારાયણના એટલા આપણા. સૌને દર્શન કરવા લાવજો અને અભિષેક કરાવજો. મહારાજ ખૂબ ભેગા ભળશે. આ ફેરે છતે દેહે મૂર્તિસુખના ભોક્તા કરવા છે, કરવા છે ને કરવા જ છે. કેમ કે ધણીનો સંકલ્પ પ્રબળ છે.'' ગુરુજીના મુખેથી મહારાજના અને બાપાના મહિમાની તેમજ ગુરુદેવના મહિમાની વાતો નીકળતાં જ સભામંડપ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો અને જયજયકાર થઈ ગયો. આજના દિવસે આ સમસ્ત પ્રોગ્રામનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશ ખાતે સૌ મુક્તો આ લાભ લઈ કૃપાવંત બન્યા હતા.

### અન્નકૂટ દર્શન તથા નિકટ દર્શન

નૂતન સિંહાસનમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓ સમક્ષ આજે ૨૫૦થી વધુ વિધ વિધ વાનગીઓનો મહાઅન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સૌ મુક્તોએ અન્નકૂટનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આજરોજ લંડન સિવાય અન્ય ૧૨ દેશોમાંથી ૨૫૦થી વધુ મુક્તોએ આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી મૂર્તિપ્રતિષ્ઠા સાથે અભિષેક મહારાજની પ્રતિષ્ઠા, અન્નકૂટ દર્શન તથા સમૂહ આરતીનો લાભ લીધો હતો. ઠાકોરજીની પ્રતિષ્ઠા વિધિ બાદ વ્હાલા ગુરુજીએ સાયંકાળે ૪થી ૮ દરમ્યાન સર્વે હરિભક્ત સમાજને નિકટ દર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા. પ્રતિષ્ઠાના પ્રથમ દિવસે વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત વિચરણ વચ્ચે પણ અન્ય દેશોમાંથી પધારેલ મુક્તોને રાત્રે ૯:૩૦થી ૧૧ વાગ્યા સુધી સળંગ લાભ આપી વિશેષ રાજીપો જણાવ્યો હતો.

### લંડન ખાતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી સેવામાં સહભાગી થવા પધારેલ પૂ. સંતવૃંદ

પૂ. નિર્માનસ્વામી, પૂ. વૈરાગ્યસ્વામી, પૂ. નિષ્કામસ્વામી, પૂ. નિઃસ્વાદસ્વામી, પૂ. નિર્લોભસ્વામી, પૂ. દર્શનસ્વામી, પૂ. મહિમાસ્વામી, પૂ. રાજીપાસ્વામી, પૂ. સરળસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. પવિત્રસ્વામી, પૂ. પ્રેમસ્વામી, પૂ. સર્વજ્ઞસ્વામી, પૂ. મનનસ્વામી, પૂ. ધ્યેયસ્વામી, પૂ. કરુણામૂર્તિસ્વામી.

### સ્વયંસેવક દળ

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. નિર્ગુણસ્વામીની રાહબરી હેઠળ પૂ. અદ્‌ભુતસ્વામી, પૂ. સુખસ્વામી, પૂ. નિયમસ્વામી, પૂ. વંદનસ્વામી તથા અન્ય સંતોના તેમજ પૂ. મહિલા ત્યાગીમુક્તોના માર્ગદર્શનથી ૫૦૦થી વધુ પુરુષ-મહિલા સ્વયંસેવક મુક્તોએ દિવસ-રાત જોયા વિના ખૂબ મહાત્મ્યસભર થઈ સેવા કરી હતી. દોઢની મોટર ત્રણનું કામ આપે એ ન્યાયે બાળ-બાલિકા, યુવક-યુવતી, આબાલવૃદ્ધ સૌ કોઈએ પોતા સામું જોયું જ નહિ અને એ રાજીપાના પરિણામે મંદિર તૈયાર થઈ ગયું. તેઓની સેવાવંદના ખૂબ સરાહનીય રહી.

### મહિલા વિભાગ

આ જ રીતે મહિલા વિભાગમાંથી પણ મહિલા વિંગનાં વરિષ્ઠ પૂ. ત્યાગી મહિલામુક્તો સહિત અન્ય પૂ. ત્યાગી મહિલામુક્તોએ પણ આ પ્રતિષ્ઠા ઉત્સવમાં પધારી સમસ્ત મહિલા સમાજમાં નવું જોમ ભરી દીધું હતું. પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા પણ ઘેર ઘેર ફરી ૨૫૦થી વધુ પધરામણી કરી સૌ કોઈને આ ઉત્સવમાં પધારવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. મંદિર સ્વચ્છતા હોય કે ડેકોરેશનની સેવા, કોઠારની સેવા હોય કે રસોડાની, અન્નકૂટ ભરવાનો હોય કે પત્રિકા વિતરણની સેવા વગેરે દરેક સેવાઓ મહિલાઓએ ખૂબ ખંતપૂર્વક નિભાવી. જેટલી પુરુષ વિભાગમાં સમિતિ હતી તેટલી જ સમિતિઓમાં મહિલાઓએ પણ પોતાનું સંપૂર્ણ યોગદાન આપી અદકેરી સેવા નિભાવી.

ગુરુદેવના અને ગુરુજીના વિચરણ પછી પૂ. મહિલા ત્યાગીમુક્તોનું પણ લંડન ખાતે વિચરણ થવાથી મહિલા સમાજ ખૂબ બળને પામ્યો હતો. સૌએ મહિમાસભર થઈ પૂ. ત્યાગી મહિલામુક્તોના વચને સેવાઓ ઉપાડી લેતાં ખૂબ ધામધૂમથી દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાઈ ગયો. સૌના હૈયે વ્હાલા ઘનશ્યામ મહારાજ તથા વ્હાલા ગુરુજીને રાજી કર્યાનો આનંદ હતો. સમસ્ત લંડન શહેરના મહિલા હરિભક્ત સમાજને સહસ્ર સહસ્ર સલામ. આમ, લંડન ખાતે આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો ને એસ.એમ.વી.એસ.ના ઇતિહાસમાં તથા આત્યંતિક કલ્યાણની ગાથામાં એક નૂતન પૃષ્ઠ ઉમેરાયું.

આમ, સમગ્ર મૂર્તિપ્રતિષ્ઠાના ત્રણેય દિવસમાં ૧૩,૫૦૦થી વધુ હરિભક્તો લાભ લઈ મહારાજ ને મોટાપુરુષના કરુણાભાગી બન્યા હતા.

 









લંડન દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સ્મૃતિ દર્શનમ્



Ghanshyam, September-2025 Published on 10-09-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



# જ્ઞાનસત્ર : ૧૯

**૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ઑક્ટોબર ૨૦૨૫**

**કારતક સુદ ત્રીજથી આઠમ સુધી (શુક્રવારથી મંગળવાર)**

**સ્થળ : સ્વામિનારાયણ ધામ,**
**કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.**

નૂતન વર્ષનો પ્રારંભ આધ્યાત્મિક જીવનની ઉન્નતિથી થાય એ જ આપણા માટે ધન્ય અવસર. આપણે અધ્યાત્મ માર્ગનાં ઉચ્ચ શિખરો સર કરવાનાં છે. મોટાપુરુષોએ આપણને પ્રાપ્તિ કૃપાથી કરાવી દીધી છે અને હવે તેઓ સ્થિતિની કૃપા વરસાવવા તત્પર થયા છે. અને તે માટે પ્રથમ આપણને ટકોરાબંધ પાત્ર કરવા, પકવવા નિભાડામાં નાખવાના છે.

## જ્ઞાનસત્ર-૧૯નાં આકર્ષણો

- પ્રાત: ધ્યાન ચિંતનમાં વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ
- સંત વ્યાખ્યાનમાળા
- બાળ–બાલિકા શિબિર
- વ્હાલા ગુરુજીના નિકટ દર્શનનો લાભ
- બળપ્રેરક ગ્રૂપ સભાઓ
- વિવિધ સંધ્યા સત્રો

## જ્ઞાનસત્ર-૧૯ રજિસ્ટ્રેશન અંગેની સૂચના

- જ્ઞાનસત્રના લાભાર્થીઓ માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- સંસ્થાના તમામ સેન્ટરોમાં જ્ઞાનસત્ર–૧૯ના રજિસ્ટ્રેશન ફોર્મનું વિતરણ શરૂ થઈ ચૂક્યું છે.
- યુવકમુક્તોને વ્હાલા ગુરુજીનો વિશેષ લાભ મળનાર હોવાથી પૂરેપૂરા દિવસ લાભ લેવાનો આગ્રહ રાખવો.
- ૧૫ વર્ષથી ૫૫ વર્ષના દરેક સભ્યોએ પરિવાર દીઠ માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ જમા કરાવવા આવીએ ત્યારે વ્યક્તિ દીઠ ₹૨૦૦ રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાની રહેશે.
- ૫ વર્ષથી ૧૪ વર્ષના બાળકોની રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાની નથી, પરંતુ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- રજિસ્ટ્રેશન ફોર્મ બે સમયગાળામાં સ્વીકારવામાં આવશે.
  પ્રથમ : તા. ૧૦–૮–૨૦૨૫ને રવિવારથી તા. ૧૩–૯–૨૦૨૫ને શનિવાર સુધી.
  દ્વિતીય : તા. ૧૪–૯–૨૦૨૫ને રવિવારથી તા. ૨૫–૯–૨૦૨૫ને ગુરુવાર સુધી રહેશે.
- પ્રથમ સમયગાળા બાદ ફોર્મ જમા કરાવનારની રજિસ્ટ્રેશન ફી ૨૫૦ રહેશે. જેની સર્વે હરિભક્તોએ નોંધ લેવી. તા.₹ ૨૬–૯–૨૦૨૫ પછીથી કોઈનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- DSS, Pre-AYP, AYP તથા પ્રિ–મુમુક્ષુનાં તમામ પુરુષ–મહિલા સભ્યોએ જ્ઞાનસત્રનો પૂરેપૂરો લાભ લેવો ફરજિયાત છે.
- અમદાવાદ, ગાંધીનગર, કલોલ આદિ નજીકના સેન્ટરના હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા રાખેલ નથી. તેઓએ રોજ પોતાની રીતે જ સ્વામિનારાયણ ધામથી ઘરે આવવા–જવાનું રહેશે. આ સિવાયના હરિભક્તોને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ જ ઉતારો મળશે.
- ઉતારાની વ્યવસ્થામાં પલંગની સગવડ કરવામાં આવેલ ન હોવાથી ૫૫ વર્ષથી ઉપરના કે કાયમી શારીરિક બીમારી કે અશક્ત હોય તેવા હરિભક્તોએ જ્ઞાનસત્રનો લાભ પોતાના સેન્ટરમાં ઑનલાઇન લેવાનો રહેશે.
- જો આપને ઉતારો લેવાનો ન હોય તોપણ રજિસ્ટ્રેશન ફોર્મ સાથે ફી ફરજિયાત જમા કરાવવાની રહેશે.
- ઉતારાની વ્યવસ્થામાં સૂવા માટે ગાદલું–ઓશીકું મળશે પરંતુ ઓઢવા માટેની વ્યવસ્થા આપની રીતે કરવાની રહેશે.
- આપની સાથે કે ઉતારામાં કીમતી મોબાઇલ, દાગીના કે વધુ રોકડ રકમ ન લાવવી કે ન રાખવી. અન્યથા કંઈ પ્રશ્ન સર્જાય તો આપની જવાબદારી રહેશે.
- જ્ઞાનસત્ર દરમ્યાન રોજ સવારે નાસ્તો, બપોરે તથા સાંજે સાદું ભોજન સંસ્થા તરફથી મળશે. અન્યથા, ડાયાબિટીસ કે અન્ય કોઈ રોગ–બીમારી હોય તો આપની રીતે જ જમવાની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- જ્ઞાનસત્રમાં પાંચેય દિવસ સફેદ અથવા સાદાં વસ્ત્રો પહેરવાં તેમજ નોટ, પેન, માળા અવશ્ય સાથે રાખવાં.